

PRGI No. GUJGUJ/2016/70752

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

PUBLISHED GUJARATI DAILY FROM AHMEDABAD

Volume : 10
Issue : 221
Dt.: 16-06-2026,
Tuesday
Page:04
Rs.00.50 paisa







### ટ્રમ્પે સોશિયલ મીડિયા પર ખુશી વ્યક્ત કરી

# ૩ મહિના બાદ આખરે અમેરિકા-ઈરાન યુદ્ધ ખતમ કરવા તૈયાર

## કરાર બાદ બંને દેશો વચ્ચે ૬૦ દિવસ માટે યુદ્ધવિરામ લાગુ થઈ જશે અને ત્યારબાદ પરમાણુ કરાર માટે આગળની ટેકનિકલ વાતચીત શરૂ કરાશે

(સંપૂર્ણ સમાચાર સેવા)વૉશિંગ્ટન

અમેરિકા અને ઈરાન વચ્ચે છેલ્લા ૧૦૭ દિવસથી ચાલી રહેલા ભયાનક યુદ્ધનો આખરે અંત આવ્યો છે. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ટ્રુથ' પર આ ઐતિહાસિક શાંતિ સમજૂતીની સત્તાવાર જાહેરાત કરી છે. આ ડીલ પર આગામી શુક્રવારે સ્વિટ્ઝર્લેન્ડમાં ઔપચારિક મહોર મારવામાં આવશે. આ કરાર બાદ બંને દેશો વચ્ચે ૬૦ દિવસ માટે યુદ્ધવિરામ લાગુ થઈ જશે અને ત્યારબાદ પરમાણુ કરાર માટે આગળની ટેકનિકલ વાતચીત શરૂ કરાશે.પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સોશિયલ મીડિયા પર લખ્યું કે, "ઈરાન સાથે સમજૂતી સંપૂર્ણ રીતે પાકી થઈ ગઈ છે.

આ ડીલમાં સામેલ તમામ પક્ષોનો હું આભાર માનું છું અને સૌને ખૂબ-ખૂબ અભિનંદન." તેમણે વધુમાં મોટી જાહેરાત કરતા લખ્યું કે, "હું સ્ટ્રેટ ઓફ હોર્મુઝ ને ટોલ-ફ્રી ખોલવાની જાહેરાત કરું છું. આ સાથે જ હોર્મુઝની ખાડીમાંથી અમેરિકન નૌસેનાની ઘેરાબંધી પણ હટાવી લેવામાં આવશે. દુનિયાના તમામ જહાજો હવે પોતાના એન્જિન સ્ટાર્ટ કરી લે અને ક્રૂડ ઓઈલનો બિઝનેસ શરૂ થવા દે." શુક્રવારે સત્તાવાર સહીઓ થયા બાદ હોર્મુઝની ખાડીને તમામ જહાજો માટે ખુલ્લી મૂકી દેવાશે.બીજી તરફ, ઈરાને સ્પષ્ટ કર્યુ છે કે આ શાંતિ સમજૂતી આગળ વધારવી અમેરિકાના વલણ પર નિર્ભર રહેશે. ઈરાનના નાયબ વિદેશ મંત્રી કાઝેમ ગરીબાબાદીએ સરકારી મીડિયા મારફતે જણાવ્યું કે, શુક્રવારના મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડિંગ બાદ શરૂ થનારી ૬૦ દિવસની વાટાઘાટો ત્યારે જ સફળ થશે જ્યારે અમેરિકા તેના ત્રણ વચનો પૂરા કરશે. ઈરાને જણાવ્યું છે કે અમેરિકા ખાસ કરીને નાણાકીય શરતો પૂરી કરશે અને ઈરાન તેની પુષ્ટિ કરી લેશે, ત્યારબાદ જ બંને દેશો વચ્ચે ટેકનિકલ વર્કિંગ-ગ્રુપની વાતચીત શરૂ થશે.અમેરિકા અને ઈરાન વચ્ચે આ ડીલ કરાવવામાં મધ્યસ્થીની ભૂમિકા ભજવનારા પાકિસ્તાનના વડાપ્રધાન શહબાઝ શરીફે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર ખુશી વ્યક્ત કરી છે. તેમણે લખ્યું કે, "લાંબી વાટાઘાટો બાદ અમેરિકા અને ઈરાન વચ્ચે શાંતિ સમજૂતી થઈ ગઈ છે તેની જાહેરાત કરતા અમને ખૂબ આનંદ થાય છે. બંને પક્ષો લેબનાન સહિત તમામ મોરચે તાત્કાલિક અને કાયમી ધોરણે યુદ્ધ રોકવા માટે સંમત થયા છે."

### અમેરિકામાં ભયાનક વિમાન અકસ્માત!

# પ્લેન ક્રેશ થતાં ૧૨ સ્કાઈડાઈવર્સના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)મિસોરી



અમેરિકાના મિસોરી રાજ્યમાંથી એક અત્યંત હૃદયદ્રાવક સમાચાર પ્રકાશમાં આવ્યા છે. અહીં રવિવારે સવારે એક ભયાનક વિમાન અકસ્માત સર્જાયો છે, જેમાં 12 લોકોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હોવાનું જાણવા મળ્યું છે. આ અકસ્માત મિસોરીના બટલર મેમોરિયલ એરપોર્ટ નજીક સ્થાનિક સમય અનુસાર સવારે 11:30 વાગ્યે થયો હતો. અકસ્માતનો ભોગ બનેલા તમામ લોકો સ્કાઈડાઈવર્સ હતા.મળતી માહિતી મુજબ, આ તમામ સ્કાઈડાઈવર્સ પ્લેનમાં સવાર થઈને સ્કાઈડાઈવિંગ માટે આકાશ તરફ જઈ રહ્યા હતા. પરંતુ ટેક-ઓફ કર્યાના થોડા જ સમયમાં પ્લેન અચાનક ક્રેશ થઈને રોડ કિનારે આવેલા એક ખાલી મેદાનમાં ખાબક્યું હતું. જમીન સાથે અથડાતાની સાથે જ પ્લેનમાં જોરદાર ધડાકા સાથે ભીષણ આગ લાગી ગઈ હતી, જેના કારણે પ્લેનના ટુકડે-ટુકડે થઈ ગયા હતા.મિસોરી હાઈવે પેટ્રોલિંગ ટીમના સાર્જન્ટ જસ્ટિન ઈવિંગે આ અકસ્માતની પુષ્ટિ કરતા જણાવ્યું હતું કે, ક્રેશ થયેલું વિમાન પેસિફિક એરોસ્પેસનું 'P-750 સ્કાઈડાઈવિંગ પ્લેન' હતું. અકસ્માતની માહિતી મળતા જ રાહત અને બચાવ કામગીરીની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી, પરંતુ ત્યાં સુધીમાં ઘણું મોડું થઈ ચૂક્યું હતું. વિમાન આખું બળીને ખાખ થઈ ગયું હતું અને એકપણ મુસાફરનો જીવ બચાવી શકાયો ન હતો. બેટ્સ કાઉન્ટી ડિઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીના ડાયરેક્ટર અને એક્ટિંગ એરપોર્ટ મેનેજર ડેનિસ જેકોબ્સના જણાવ્યા અનુસાર, 'ઉડાન ભરતાની સાથે જ વિમાન કદાચ ડાબી બાજુ વળ્યું હશે, જેના કારણે પવનના દબાણને લીધે વિમાનની ગતિ અને શક્તિ ઓછી થઈ ગઈ હતી. પાયલટે પ્લેનને ઈમરજન્સી લેન્ડ કરાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તે દરમિયાન તેણે વિમાન પરથી નિયંત્રણ ગુમાવ્યું હતું. પરિણામે પ્લેન ખૂબ જ ઝડપથી નીચે પડ્યું અને જમીન સાથે અથડાતા જ તેમાં આગ લાગી ગઈ હતી'. જો કે, હજી સત્તાવાર તપાસ થવાની બાકી છે.સર્ચ ઓપરેશન દરમિયાન એવા કોઈ પુરાવા નથી મળ્યા કે અકસ્માત પહેલા કોઈ મુસાફરે વિમાનમાંથી પેરાશૂટ વડે છલાંગ લગાવી હોય! અકસ્માતનો ભોગ બનેલા પ્લેનની ખાસિયતની વાત કરવામાં આવે તો તે પેસિફિક એરોસ્પેસ 750XL છે. વર્ષ 2010માં બનેલું સિંગલ-એન્જિન ટર્બોપ્રોપ પ્લેન 17 લોકોનું વજન વહન કરવા માટે સક્ષમ છે. આ વિમાનનો ઉપયોગ ખાસ કરીને સ્કાઈડાઈવિંગ, કાર્ગો પરિવહન, એરિયલ સર્વે અને મેડિકલ ઈવેક્યુએશન માટે થાય છે.

### ભારત માટે પણ ઉશ્કેરણીજનક હરકત!

# દરિયામાં રશિયન ઓઈલ ટેન્કર પર બ્રિટિશ કમાન્ડોના દરોડા

(સંપૂર્ણ સમાચાર સેવા)લંડન

બ્રિટિશ સેનાએ ઈંગ્લેન્ડના દક્ષિણ દરિયાકાંઠે એક મોટું ઓપરેશન હાથ ધરીને રશિયાના એક શંકાસ્પદ ઓઈલ ટેંક્ર સ્મર્ટોસ પર મરીન કમાન્ડો અને નેશનલ ક્રાઈમ એજન્સી દ્વારા દરોડો પાડ્યો છે. હેલિકોપ્ટરની મદદથી હવામાંથી કરાયેલી આ દિલધડક કાર્યવાહી આશરે ૬ કલાક સુધી ચાલી હતી, જેની મદદથી હવે આખા જહાજને બ્રિટિશ સેનાએ પોતાના અંકુશમાં લઈ લીધું છે. કેમરૂન દેશનો ધ્વજ ફરકાવેલું આ જહાજ રશિયાના શેડો ફ્લિટ (પ્રતિબંધોથી બચીને ઓઈલની હેરફેર કરતો કાફલો)નો ભાગ હોવાની શંકા છે. રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિન માટે મોટો આંચકો ગણાતી આ ઘટનાએ ભારતની ચિંતા પણ વધારી દીધી છે કારણ કે, આ જહાજ પર કામ કરનારો મોટા ભાગનો સ્ટાફ ભારતીયોનો છે.

આ કથિત રશિયન ઓઈલ ટેંક્ર પર કુલ ૨૪ ક્રૂ મેમ્બર્સ સવાર છે, જેમાંથી ૨૨ નાવિકો ભારતીય છે અને બાકીના જોર્જિયાના નાગરિકો છે. આ ટેંક્ર રશિયાના ઉસ્ત-લુગા બંદરથી ઈજિપ્તના પોર્ટ સઈદ તરફ જઈ રહ્યું હતું. બ્રિટનની નેશનલ ક્રાઈમ એજન્સીના અધિકારીઓએ રશિયા પર લાદવામાં આવેલા આંતરરાષ્ટ્રીય પ્રતિબંધોના ઉલ્લંઘનની આશંકાના આધારે ૩૮ વર્ષના એક ભારતીય નાગરિકની અટકાયત કરી છે અને તેની કડક પૂછપરછ હાથ ધરી છે. જોકે, બાકીના તમામ ભારતીય નાવિકો હાલ જહાજ પર જ સુરક્ષિત છે અને બ્રિટિશ એજન્સીઓની તપાસમાં સહયોગ આપી રહ્યા છે. બ્રિટિશ સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા અનુસાર, ઈંગ્લિશ ચેનલમાં કરવામાં આવેલું આ પ્રકારનું આ પહેલું અને સૌથી મોટું સૈન્ય ઓપરેશન છે. આ સફળતા બદલ સેનાને અભિનંદન આપતા બ્રિટનના પીએમ કીર સ્ટાર્મરે જણાવ્યું હતુ કે, આ કાર્યવાહીથી રશિયાને આર્થિક અને વ્યૂહનીતિના મોરચે બહુ મોટો ઝટકો લાગ્યો છે. યુક્રેન યુદ્ધમાં રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિનની સૈન્ય તાકાત વધારનારા અને યુદ્ધને પ્રોત્સાહન આપનારા લોકોને વૈશ્વિક સ્તરે ક્યાંય છુપાવવા દેવામાં નહીં આવે. જોકે, આ સૈન્ય કાર્યવાહી અંગે રશિયા (મોસ્કો) તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર પ્રતિક્રિયા આવી નથી, પરંતુ રશિયા અગાઉ બ્રિટનના આવા પગલાંને ગેરકાનૂની અને સમુદ્રી લૂંટફાટ ગણાવી ચૂક્યું છે.

બ્રિટિશ સંરક્ષણ મંત્રાલય દ્વારા આ ઓપરેશનનો એક રોમાંચક વીડિયો પણ જાહેર કરવામાં આવ્યો છે.


## રેડ ક્રોસની સેવાઓ અને કામગીરીને વંદન



**"માનવતા એજ સાચો ધર્મ છે"** એ મંત્ર પર નિષ્પક્ષ અને તટસ્થ રહી લોકોની સ્વૈચ્છિક સેવા દ્વારા સ્વતંત્ર રીતે સમગ્ર સમાજ માટે કાર્ય કરતી અને વૈશ્વિક ઓળખ ધરાવતી તથા **સમગ્ર ભારતમાં સર્વ શ્રેષ્ઠ રાજ્ય શાખાનો એવોર્ડ જીતનાર ગુજરાત રેડ ક્રોસના ચેરમેન શ્રી અજયભાઈ પટેલ અને સર્વ શ્રેષ્ઠ બ્લડ સેન્ટરનો એવોર્ડ જીતનારી અમદાવાદ રેડ ક્રોસ સંસ્થાના ચેરમેન એમિરેટ્સ શ્રી મુકેશભાઈ પટેલ અને સમગ્ર રેડ ક્રોસ ટીમ**ને વિશ્વ રક્તદાતા દિવસ નિમિતે તેમની ઉત્કૃષ્ટ કામગીરી બદલ અભિનંદન.



ભારતનું સૌથી વિશાળ અને અદ્યતન બ્લડ સેન્ટર

### રેડ ક્રોસ-અમદાવાદ

- **100 % સ્વૈચ્છિક રક્તદાન**
- રક્તની અવેજીમાં રક્ત જમા કરાવ્યા વિના રક્ત
- સર્વોચ્ચ ગુણવત્તા વાળુ NAT ટેસ્ટિંગ રક્ત
- ગુજરાતનું સર્વ પ્રથમ એક્સરે ઈરેડિયેશન ધરાવતું બ્લડ સેન્ટર
- AABB 2.0 એક્રેડિટેશન ધરાવતી વિશ્વનું સર્વ પ્રથમ બ્લડ સેન્ટર
- થેલેસેમિયા સિકલસેલ એનેમીયા અને ગરીબ દર્દીઓને નિઃશુલ્ક રક્ત
- સેન્ચુરીયન ડોનર ક્લબમાં 146 શતકવીર રક્તદાતાઓ
- 5 મહિલા શતકવીર રક્તદાતા
- 2 સેન્ચુરીયન રક્તદાતા દંપતી
- 3 ડબલ સેન્ચુરીયન રક્તદાતા
- થેલેસેમિયા મેજર 1250 થી વધુ બાળકોની સંભાળ

### રેડ ક્રોસ - ગુજરાત

- 33 જિલ્લા અને 98 તાલુકા શાખા
- 26 બ્લડ સેન્ટર
- વર્ષ 2025-26માં 200000થી વધુ સ્વૈચ્છિક રક્તદાન સમગ્ર ગુજરાતના 20% રક્ત રેડ ક્રોસ દ્વારા એકત્રિત કરાયું
- 75 બ્લડ સ્ટોરેજ સેન્ટર
- બ્લડ મોબાઈલ વેન
- થેલેસેમિયા અને સિકલસેલ પ્રિવેન્શન પ્રોગ્રામ હેઠળ 42 લાખ થી વિદ્યાર્થીઓની તપાસ
- સર્વાઈકલ કેન્સર અને સ્તન કેન્સર માટે 20,000 કરતા વધુ મહિલાઓની તપાસ
- 88 પ્રધાન મંત્રી જન ઔષધિ કેન્દ્રો
- 17 ફિઝિયોથેરાપી સેન્ટર
- 12 ડેન્ટલ ક્લિનિક
- 15 રાહત દરે પેથોલોજી લેબોરેટરી
- 34000 ડિઝાસ્ટર મેનેજમેન્ટ સ્વયંસેવકો
- 500000 થી વધુ ફર્સ્ટ એડ ટ્રેઈનિંગ
- 400000 થી વધુ જુનિયર રેડ ક્રોસ અને યુથ રેડ ક્રોસ મેમ્બર્સ
- વાત્સલ્ય સિનિયર સીટીઝન હોમ
- આર્ટીફીસીયલ લિમ્બ સેન્ટર
- 5000 થી વધુ થેલેસેમિયા બાળકો ની સારવાર

•15 બ્લડ સેન્ટર NABH એક્રેડિટેશન

**છેલ્લા 63 વર્ષમાં અમદાવાદ માં 63.05 લાખ યુનિટ રક્ત એકત્રિત કરવામાં આવ્યું**

INDIAN RED CROSS SOCIETY
GUJARAT STATE BRANCH
Blood Bank and Much More

Red Cross Bhavan, Near Khadi Gram Udhyog Board,
Ashram Road, Old Wadaj, Ahmedabad - 380013.

# તંત્રી લેખ......

## આતંકવાદના ખાતમા માટે સેના સરહદ પાર કરવા તૈયાર

ભારતના સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે પાકિસ્તાનને અત્યાર સુધીની સૌથી કડક અને મોટી ચેતવણી આપી છે. ઉત્તર પ્રદેશના આગ્રામાં ૧૬મી સદીના મહાન શાસક મહારાણા પ્રતાપની પ્રતિમાનું અનાવરણ કરવા પહોંચેલા રાજનાથ સિંહે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં દેશના સ્વાભિમાન અને સુરક્ષા સાથે કોઈ પણ પ્રકારની બાંધછોડ કરવામાં આવશે નહીં. ભાજપ સરકાર ન્યાય અને માનવતાના સિદ્ધાંતો પર ચાલે છે, કોઈ જાતિ કે ધર્મના રાજકારણ પર નહીં.

પૂર્વવર્તી કોંગ્રેસ સરકારો પર નિશાન સાધતા સંરક્ષણ મંત્રીએ કહ્યું કે ૨૦૧૪ પહેલા દેશમાં અવારનવાર આતંકવાદી ઘટનાઓ થતી હતી, પરંતુ ત્યારે કડક કાર્યવાહીનો અભાવ હતો. તાજેતરમાં થયેલી આતંકવાદી ઘટનાઓનો ઉલ્લેખ કરીને તેમણે જણાવ્યું કે જ્યારે આતંકવાદીઓએ નિર્દોષ નાગરિકોના જીવ લીધા, ત્યારે સરકારે તાત્કાલિક કડક વલણ અપનાવ્યું છે.

રાજનાથ સિંહે એક મોટો ખુલાસો કરતા કહ્યું કે મેં ત્રણેય સેનાના વડાઓની બેઠક બોલાવી હતી. જ્યારે મેં તેમને પૂછ્યું કે શું તેઓ ઓપરેશન માટે તૈયાર છે, ત્યારે આર્મી, એરફોર્સ અને નેવીના વડાઓએ હાથ ઉંચા કરીને કહ્યું કે સર, અમે પાકિસ્તાન વિરુદ્ધ ઓપરેશન માટે અત્યારે જ સંપૂર્ણ રીતે તૈયાર છીએ. તેમણે સ્પષ્ટ કર્યું કે ભારતે પોતાના સૈનિકોને ખુલ્લી છૂટ આપી દીધી છે અને જરૂર પડ્યે આતંકના ખાતમા માટે સરહદ પાર કરતા પણ સેના પાછળ નહીં હટે.

પોતાના ભાષણ દરમિયાન સંરક્ષણ મંત્રીએ પાકિસ્તાનને લઈને અત્યાર સુધીની સૌથી મોટી જાહેરાત કરી છે. તેમણે કહ્યું કે આતંકવાદને પ્રોત્સાહન આપવાની પાકિસ્તાની હરકતો ભારત હવે સહન નહીં કરે. વડાપ્રધાન મોદી સાથે થયેલી ઉચ્ચ સ્તરીય ચર્ચાનો હવાલો આપતા તેમણે કહ્યું કે જો પાકિસ્તાન પોતાની નાપાક હરકતોથી બાજ નહીં આવે, તો અમે હવે સિંધુ નદી જળ કરારને સ્થગિત કરી દીધો છે. આપણા દેશનું પાણી હવે ત્યાં નહીં જાય. અમે પાકિસ્તાનને દાણા-દાણા અને પાણીના એક-એક ટીપા માટે તરસાવી દઈશું. રાજનાથ સિંહના આ આકરા નિવેદનથી સ્પષ્ટ થઈ ગયું છે કે ભારત હવે આતંકવાદ વિરુદ્ધ રાજદ્વારી અને સૈન્ય બંને મોરચે આરપારની લડાઈના મૂડમાં છે.

## મહાપ્રબંધક પશ્ચિમ રેલવે દ્વારા અમદાવાદ મંડળના કર્મચારી રામરાજ મીણા સંરક્ષા પુરસ્કારથી સન્માનિત



પશ્ચિમ રેલવેના મહાપ્રબંધક શ્રી રામાશ્રય પાંડે દ્વારા અમદાવાદ મંડળના કર્મચારી શ્રી રામરાજ મીણાને તેમના ઉત્કૃષ્ટ કાર્ય, સતર્કતા અને સુરક્ષિત ટ્રેન સંચાલનમાં મહત્વપૂર્ણ યોગદાન બદલ “મેન ઓફ ધ મન્થ” (એપ્રિલ–૨૦૨૬) સંરક્ષા પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા.

શ્રી રામરાજ મીણા ગાંધીધામના બીજી યાર્ડમાં એમ.સી.એફ. (MCF) તરીકે કાર્યરત છે તથા ગાંધીધામમાંથી પસાર થતી માલગાડીઓ તથા યાત્રી ગાડીઓનું રોલિંગ-ઈન અને રોલિંગ-આઉટ પરીક્ષણનું કાર્ય કરે છે. તા.૦૪ એપ્રિલ, ૨૦૨૬ના રોજ ફરજ દરમિયાન તેમણે ટ્રેન સંખ્યા DWLP/MDCC/Cont. ના લોકોથી ૧૧મા ક્રમે આવેલા વેગનના ઈ-૪ વ્હીલમાં અસામાન્યતા જોઈ. તેમણે તાત્કાલિક ટ્રેન મેનેજરને જાણ કરી ગાડીને અટકાવી હતી. તપાસ દરમિયાન જાણવા મળ્યું કે CTRB (કાર્ટ્રિજ ટેપર રોલર બેરિંગ) ની ગ્રીસ સીલ ખસી ગઈ હતી. વિસ્તૃત નિરીક્ષણ અને જરૂરી સુરક્ષા પગલાં લીધા બાદ ગાડીને એસ્કોર્ટિંગ તથા ગતિ મર્યાદા સાથે બીજી યાર્ડ સુધી લઈ જવામાં આવી હતી અને સંબંધિત વેગનને વ્હીલ બદલવા માટે સિક લાઈનમાં અલગ કરવામાં આવ્યો હતો. શ્રી રામરાજ મીણાની સતર્કતા અને ફરજ દરમિયાન કરવામાં આવેલી સૂક્ષ્મ તપાસને કારણે આ ગંભીર ખામી સમયસર શોધી શકાઈ, જેના પરિણામે તાત્કાલિક અને અસરકારક કાર્યવાહી શક્ય બની. તેમની જાગરૂકતા, દૂરંદેશી અને સમર્પણ રેલવે સેવાના ઉચ્ચ ધોરણો તથા સુરક્ષિત રેલ સંચાલન પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે.

## પશ્ચિમ રેલવેમાં પ્રથમ વખત વટવા ઈલેક્ટ્રિક લોકો શેડને મળ્યો પ્રતિષ્ઠિત CII “GreenCo GOLD”રેટિંગ સન્માન



પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ હેઠળ આવેલા ઈલેક્ટ્રિક લોકો શેડ, વટવાને પર્યાવરણીય ઉત્કૃષ્ટતા અને સતત વિકાસના ક્ષેત્રમાં નોંધપાત્ર સિદ્ધિઓ બદલ કન્ફેડરેશન ઑફ ઇન્ડિયન ઈન્ડસ્ટ્રી (CII) – ગ્રીન બિઝનેસ સેન્ટર (GBC) દ્વારા પ્રતિષ્ઠિત GreenCo GOLD Rating એનાયત કરવામાં આવી છે. આ સન્માન નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે યોજાનારી ૧૫મી GreenCo Summit 2026 દરમિયાન પ્રદાન કરવામાં આવશે. આ સિદ્ધિ સાથે વટવા શેડ દેશની અગ્રણી હરિત અને ટકાઉ સંસ્થાઓમાં સામેલ થયું છે.

આ અવસરે અમદાવાદ મંડળના મંડળ રેલ પ્રબંધક (DRM) શ્રી વેદ પ્રકાશે જણાવ્યું હતું કે, “ઈલેક્ટ્રિક લોકો શેડ, વટવાને પ્રાપ્ત પ્રતિષ્ઠિત CII GreenCo GOLD Rating સમગ્ર અમદાવાદ મંડળ અને પશ્ચિમ રેલવે માટે ગૌરવની બાબત છે. આ સન્માન અમારા અધિકારીઓ અને કર્મચારીઓની પર્યાવરણ સંરક્ષણ, ઊર્જા કાર્યક્ષમતા અને સતત વિકાસ પ્રત્યેની અતૂટ પ્રતિબદ્ધતાનું પરિણામ છે. વટવા શેડે નવીનતા, સંસાધનોના સમજદારીપૂર્વક ઉપયોગ અને હરિત ટેક્નોલોજીના અપનાવાથી સાબિત કર્યું છે કે ઉત્તમ કામગીરી અને પર્યાવરણીય જવાબદારી સાથે-સાથે આગળ વધી શકાય છે.”

“ભારતીય રેલવે વર્ષ ૨૦૩૦ સુધી નેટ જીરો કાર્બન ઉત્સર્જનનું લક્ષ્ય લઈને કાર્ય કરી રહી છે અને આ ઉપલબ્ધિ તે દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે. મને વિશ્વાસ છે કે વટવા ઈલેક્ટ્રિક લોકો શેડની આ સફળતા ભારતીય રેલવેની અન્ય એકમો માટે પણ પ્રેરણારૂપ બનશે અને આપણે સૌ મળીને સુરક્ષિત, સ્વચ્છ, હરિત અને સતત ભવિષ્યના નિર્માણમાં પોતાનું યોગદાન આપતા રહીશું.”

વિશેષ રૂપે પશ્ચિમ રેલવેમાં પ્રથમ વખત કોઈ ઈલેક્ટ્રિક લોકો શેડને આ પ્રતિષ્ઠિત Green Co GOLD Rating પ્રાપ્ત થઈ છે, જે પર્યાવરણ સંરક્ષણ અને સતત વિકાસના ક્ષેત્રમાં પશ્ચિમ રેલવેની અગ્રણી ભૂમિકાને દર્શાવે છે.

Green Co Rating ભારતની પોતાની પ્રકારની પ્રથમ એવી મૂલ્યાંકન પ્રણાલી છે, જે કોઈ સંસ્થાના પર્યાવરણીય પ્રદર્શનનું મૂલ્યાંકન કરે છે. તેના અંતર્ગત ઊર્જા કાર્યક્ષમતા, જળ સંરક્ષણ, નવીનીકરણીય ઊર્જા, ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જન, કચરા વ્યવસ્થાપન, સામગ્રી સંરક્ષણ અને પુનઃચક્રણ, હરિત આપૂર્તિ શૃંખલા, હરિત ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ઈકોલોજી તથા પર્યાવરણીય નવીનતા જેવા વિવિધ માપદંડોનું મૂલ્યાંકન કરવામાં આવે છે. GOLD Rating આ પ્રણાલી અંતર્ગત આપવામાં આવતા સર્વોચ્ચ સન્માનોમાંનું એક છે.

ઊર્જા કાર્યક્ષમતા અને સ્વચ્છ ટ્રેક્શન

ઈલેક્ટ્રિક લોકો શેડ, વટવાએ ડીઝલ આધારિત કામગીરીમાંથી સંપૂર્ણપણે ઈલેક્ટ્રિક ટ્રેક્શન તરફ પરિવર્તન કરીને વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન ૧.૮૮ કરોડ લિટરથી વધુ ડીઝલ (HSD)ના વપરાશને શૂન્ય સુધી પહોંચાડ્યો, જેના પરિણામે Scope-1 ઉત્સર્જનમાં લગભગ ૧૦૦ ટકા ઘટાડો નોંધાયો. કુદરતી પ્રકાશનો મહત્તમ ઉપયોગ થાય તે માટે એસેમ્બલી બેમાં લોંગ-ટ્યુબ ડેલાઈટ હાર્વેસ્ટિંગ (Brillantor) સિસ્ટમ સ્થાપિત કરવામાં આવી છે. આ ઉપરાંત પરંપરાગત પંખાઓના સ્થાને ૫-સ્ટાર રેટેડ BLDC પંખા, CFL અને હેલોજન લાઈટોના સ્થાને LED લાઈટો, ઓક્યુપન્સી સેન્સર અને એસ્ટ્રોનોમિકલ ટાઈમરનો ઉપયોગ કરીને ઊર્જા બચત સુનિશ્ચિત કરવામાં આવી છે.

જળ સંરક્ષણ માટે નવીન પહેલ

વર્ષા જળ સંચય અને ભૂગર્ભ જળ પુનર્ભરણ પ્રણાલીણના માધ્યમથી દર વર્ષે લગભગ ૨૦.૫ લાખ લિટર પાણીનું પુનર્ભરણ કરવાની ક્ષમતા વિકસાવવામાં આવી છે. લોકોમોટિવના વિન્ડશીલ્ડ વોશર સિસ્ટમમાં નવીન ફેરફારો તથા જળવિહોણા યુરિનલની વ્યવસ્થાના માધ્યમથી પાણીની બચત અને લોકો પાયલોટોની સ્વચ્છતા સુનિશ્ચિત કરવામાં આવી છે. પ્રક્રિયા દરમિયાન ઉત્પન્ન થતા ગંદા પાણી અને શુદ્ધિકૃત પાણીના નિકાલને શૂન્ય સુધી લાવી તાજા પાણીના વિશિષ્ટ વપરાશમાં સતત ઘટાડો નોંધાયો છે.

નવીનીકરણીય ઊર્જાને પ્રોત્સાહન

અમદાવાદ મંડળમાં આશરે ૧,૮૬૩ કિલોવોટ પીક (kWp) ક્ષમતાના સોલાર પ્લાન્ટ સ્થાપિત કરવામાં આવ્યા છે, જેના દ્વારા દર વર્ષે અંદાજે ૨૪.૨૨ લાખ યુનિટ સ્વચ્છ ઊર્જાનું ઉત્પાદન થઈ રહ્યું છે. ઉપરાંત વટવા શેડ માટે સમર્પિત રૂફટોપ સોલાર પ્રોજેક્ટ પણ પ્રસ્તાવિત છે. આથી ભારતીય રેલવેના વર્ષ ૨૦૩૦ સુધી નેટ જીરો કાર્બન ઉત્સર્જનના લક્ષ્યને વધુ મજબૂતી મળી રહી છે.

ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જનમાં ઘટાડો

Scope-1, Scope-2 અને Scope-3 હેઠળ ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જનની તીવ્રતામાં દર વર્ષે સતત ઘટાડો નોંધાયો છે. ૮૦૦થી વધુ જીવંત વૃક્ષોના સંરક્ષણ અને નવીનીકરણીય ઊર્જા ઉત્પાદન દ્વારા કાર્બન ઑફસેટને પણ પ્રોત્સાહન આપવામાં આવ્યું છે.

કચરા વ્યવસ્થાપન અને સામગ્રી સંરક્ષણ

“Zero Waste to Land-fill” અભિગમ અપનાવી સ્ત્રોત સ્તરે કચરાનું વિભાજન, અધિકૃત રિસાયક્લિંગ એજન્સીઓ દ્વારા તેનો નિકાલ તથા ISO 14001 અને ISO 50001 પ્રમાણિત વ્યવસ્થાપન પ્રણાલીઓનું અસરકારક અમલીકરણ કરવામાં આવ્યું છે. વાર્ષિક સરેરાશ વપરાશ (AAC)ની સમીક્ષા અને સ્પેર પાર્ટ્સના પુનઃઉપયોગ દ્વારા દર વર્ષે અંદાજે રૂા.૩૮ લાખની બચત સુનિશ્ચિત કરવામાં આવી છે.

હરિત પુરવઠા શૃંખલા અને નવીનતા

ગ્રીન પ્રમાણિત વિક્રેતાઓ પાસેથી ખરીદી, પેકેજિંગમાં સિંગલ-યુઝ પ્લાસ્ટિક પર પ્રતિબંધ તથા પેકિંગ કચરાના પરત સંગ્રહ જેવી વ્યવસ્થાઓ અમલમાં મૂકવામાં આવી છે. શેડ દ્વારા વિકસાવવામાં આવેલા એક સુધારાને RDSO દ્વારા અપનાવવામાં આવ્યો છે તેમજ રેલવે બોર્ડની ઈલેક્ટ્રિક લોકોમોટિવ કેબિન અપગ્રેડેશન સ્પર્ધામાં સંયુક્ત રીતે પ્રથમ સ્થાન પ્રાપ્ત થયું છે. ઉપરાંત સલામતી અને ઉત્પાદકતા વધારતા અનેક નવીન ઉપાયો પણ વિકસાવવામાં આવ્યા છે.

ઈલેક્ટ્રિક લોકો શેડ, વટવાને પ્રાપ્ત થયેલી આ GreenCo GOLD Rating ત્યાં કાર્યરત અધિકારીઓ અને કર્મચારીઓના સામૂહિક પ્રયાસો, પ્રતિબદ્ધતા અને પર્યાવરણ સંરક્ષણ પ્રત્યેના સમર્પણનું પરિણામ છે. આ સિદ્ધિ પશ્ચિમ રેલવે અને ભારતીય રેલવેની સતત વિકાસ તથા વર્ષ ૨૦૩૦ સુધી નેટ જીરો કાર્બન ઉત્સર્જન બનવાની પ્રતિબદ્ધતાને વધુ મજબૂત બનાવે છે.

### ફેન્સ આઘાતમાં!

## સુપરહીટ મ્યુઝિક કમ્પોઝર પ્રીતમે આપ્યા નિવૃત્તિના સંકેત

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

બોલિવૂડ મ્યુઝિક ઈન્ડસ્ટ્રીમાંથી એક ચોંકાવનારા સમાચાર સામે આવી રહ્યા છે. પ્રખ્યાત સિંગર અને મ્યુઝિક કંપોઝર અરિજીત સિંહે આ વર્ષની શરૂઆતમાં પ્લેબેક સિંગિંગમાંથી નિવૃત્ત થવાનો નિર્ણય લીધા બાદ, હવે વધુ એક દિગ્ગજ મ્યુઝિક કંપોઝરે સંગીત જગતને અલવિદા કહેવાના સંકેત આપ્યા છે. આ બોલિવૂડ કંપોઝર બીજું કોઈ નહીં પણ દેશભરમાં કરોડો દિલો પર રાજ કરનાર પ્રીતમ છે. પ્રીતમે સોશિયલ મીડિયા પર એક ઈમોશનલ પોસ્ટ શેર કરીને પોતાની નિવૃત્તિ તરફ ઈશારો કર્યો છે. મ્યુઝિક ડિરેક્ટર પ્રીતમે તાજેતરમાં જ ૧૪ જૂનના રોજ પોતાનો ૫૫મો જન્મદિવસ ઉજવ્યો હતો. જન્મદિવસ નિમિત્તે સોશિયલ મીડિયા પર ફેન્સ અને સેલેબ્સ તરફથી અઢળક શુભેચ્છાઓ મળ્યા બાદ, તેમણે ઈન્સ્ટાગ્રામ પર એક ખાસ પોસ્ટ શેર કરીને દરેકનો આભાર માન્યો હતો. જો કે, આ આભાર પ્રસ્તાવની સાથે તેમણે જે નિવેદન આપ્યું, તેણે સંગીતપ્રેમીઓ અને બોલિવૂડ જગતની ચિંતા વધારી દીધી છે. પ્રીતમે પોતાની પોસ્ટમાં લખ્યું, "તમામ શુભેચ્છાઓ માટે આપ સૌનો ખૂબ ખૂબ આભાર. હું દરેક વ્યક્તિને વ્યક્તિગત રીતે જવાબ આપી શકું તેમ નથી, પરંતુ કૃપા કરીને મારો હૃદયપૂર્વકનો આભાર સ્વીકારો."

તેમણે આગળ લખ્યું, "આજે, મેં મારી જિંદગીના આગામી કેટલાક વર્ષો મારી રીતે જીવવાનો નિર્ણય કર્યો છે, જેથી હું જિંદગીને એક અલગ નજરિયાથી માણી શકું. એવા કાર્યો પૂરા કરી શકું જે હું અત્યાર સુધી વ્યસ્તતાના કારણે કરી શક્યો નથી. હવે એક નવી સફર પર નીકળવાનો સમય આવી ગયો છે, જેને મેં લાંબા સમયથી ટાળી રાખી હતી. મેઈનસ્ટ્રીમ બોલિવૂડ સંગીતની આ સફર અદભુત રહી છે, પરંતુ મને હંમેશા એવા રસ્તાઓ શોધવાની ઉત્સુકતા રહી છે જેના પર હજુ સુધી કોઈ ગયું નથી. આપ સૌના પ્રેમ અને સાથ માટે હંમેશા આભારી રહીશ..."

પ્રીતમની આ પોસ્ટ સોશિયલ મીડિયા પર વાયરલ થતાં જ ફેન્સમાં એવી ચર્ચા શરૂ થઈ ગઈ છે કે શું તેઓ બોલિવૂડ મ્યુઝિકમાંથી સન્યાસ લઈ રહ્યા છે. જો કે, પ્રીતમ તરફથી હજુ સુધી નિવૃત્તિ અંગે કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી.

નોંધનીય છે કે, ગત વર્ષે ફિલ્મ મેટ્રો... ઈન દિનોના મ્યુઝિકને લઈને પ્રીતમ ભારે ચર્ચામાં રહ્યા હતા અને તેમના ગીતોને લોકોએ ખૂબ પસંદ કર્યા હતા. શાહિદ કપૂરની આવનારી કોકટેલ ૨ના ગીતો પણ તેમણે કમ્પોઝ કર્યા છે. હવે અરિજીત સિંહ બાદ પ્રીતમના આ નિર્ણયથી બોલિવૂડ ઈન્ડસ્ટ્રીને મોટો ઝટકો લાગી શકે છે.

## સુરતમાં ભયાનક અકસ્માતઃ ૨ ફૂટ લાંબું લોખંડનું સ્ટેન્ડ યુવકના પગમાં ઊંડે સુધી ઘૂસી ગયું

### નવી સિવિલ હોસ્પિટલના ઈમરજન્સી વિભાગમાં યુવકને લાવવામાં આવતા જ અફરાતફરીનો માહોલ સર્જાયો હતો

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

સુરત શહેરના ભટાર વિસ્તારમાંથી એક એવી ચોંકાવનારી ઘટના સામે આવી કે જેને જોઈને લોકોના રૂંવાડા ઊભા થઈ ગયા. સામાન્ય રીતે માર્ગ અકસ્માતોમાં ઈજાઓ થતી હોય છે, પરંતુ આ ઘટનામાં બાઈકનું અંદાજે ૨ ફૂટ લાંબું લોખંડનું સ્ટેન્ડ એક યુવકના પગમાં ઘૂસી જતાં ગંભીર સ્થિતિ સર્જાઈ હતી. ઈજાગ્રસ્ત યુવકને પગમાં ઘૂસેલા સ્ટેન્ડ સાથે જ સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, જ્યાં આ દૃશ્ય જોઈને હોસ્પિટલમાં હાજર લોકો પણ આશ્ચર્યમાં મુકાઈ ગયા હતા.

મળતી માહિતી મુજબ, ભટાર વિસ્તારમાં બનેલા અકસ્માત દરમિયાન બાઈકનું લોખંડનું સ્ટેન્ડ કોઈ કારણસર તૂટી અથવા ઉખડી જઈ યુવકના પગમાં ઊંડે સુધી ઘૂસી ગયું હતું. અકસ્માત બાદ યુવક અસહ્ય પીડાથી તડપી રહ્યો હતો. આ ઘટના બનતાં જ આસપાસના લોકો અને રાહદારીઓ તાત્કાલિક મદદ માટે દોડી આવ્યા હતા. યુવકની હાલત જોઈને લોકોમાં ચિંતા ફેલાઈ ગઈ હતી.

સ્થાનિક લોકોએ યુવકને મદદરૂપ થવા માટે પ્રાથમિક સારવારના પ્રયાસો કર્યા હતા. જોકે, સ્ટેન્ડ પગમાં ઊંડે સુધી ફસાઈ જતાં તેને સ્થળ પર દૂર કરવું જોખમી હોવાનું જણાતાં કોઈએ તેને બહાર કાઢવાનો પ્રયાસ કર્યો નહોતો. આ દરમિયાન ઘટનાની જાણ ૧૦૮ ઈમરજન્સી સેવા અને તબીબી તંત્રને કરવામાં આવી હતી. થોડી જ મિનિટોમાં ૧૦૮ એમ્બ્યુલન્સ ઘટનાસ્થળે પહોંચી હતી.

તબીબી કર્મચારીઓએ યુવકની પ્રાથમિક તપાસ કરીને સ્થિતિને ગંભીર ગણાવી હતી. વધુ લોહી વહેતું અટકાવવા અને ઈજાગ્રસ્ત અંગને સ્થિર રાખવા માટે જરૂરી સારવાર આપવામાં આવી હતી. ત્યારબાદ યુવકને સ્ટેન્ડ સાથે જ સ્ટ્રેચર પર સુવડાવી નવી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો.

નવી સિવિલ હોસ્પિટલના ઈમરજન્સી વિભાગમાં યુવકને લાવવામાં આવતા જ અચાનક અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. યુવકના પગમાં ઘૂસેલું લાંબું લોખંડનું સ્ટેન્ડ જોઈને અન્ય દર્દીઓ, તેમના પરિવારજનો તેમજ હોસ્પિટલ સ્ટાફ પણ ક્ષણભર માટે ચોંકી ઉઠ્યા હતા. તબીબોની વિશેષ ટીમે તરત જ યુવકની સારવાર શરૂ કરી હતી.

તબીબોએ પહેલા એક્સ-રે અને અન્ય જરૂરી તપાસો કરીને સ્ટેન્ડની સ્થિતિ અને તેની અસર અંગે મૂલ્યાંકન કર્યું હતું. ત્યારબાદ સાવચેતીપૂર્વક સર્જિકલ પ્રક્રિયા હાથ ધરી પગમાંથી સ્ટેન્ડ દૂર કરવામાં આવ્યું હતું. હોસ્પિટલ સૂત્રોના જણાવ્યા મુજબ, સમયસર સારવાર મળી જતાં યુવકને વધુ ગંભીર ઈજાઓ અને સંભવિત જોખમમાંથી બચાવી શકાયો હતો. આ સમગ્ર ઘટનામાં સ્થાનિક લોકોની સતર્કતા અને તાત્કાલિક પ્રતિસાદ મહત્વપૂર્ણ સાબિત થયો હતો.

જો ઈજાગ્રસ્તને ઝડપથી હોસ્પિટલ ન પહોંચાડવામાં આવ્યો હોત તો સ્થિતિ વધુ ગંભીર બની શકતી હતી. ઘટનાએ ભટાર સહિત સમગ્ર શહેરમાં ચર્ચા જગાવી છે અને માર્ગ અકસ્માતોમાં સલામતીના નિયમોનું પાલન કેટલું જરૂરી છે તેની ફરી એકવાર યાદ અપાવી છે. હાલ યુવકની તબિયત સ્થિર હોવાનું જાણવા મળ્યું છે અને તબીબોની દેખરેખ હેઠળ તેની સારવાર ચાલુ છે. આ અનોખો અને ચોંકાવનારો અકસ્માત શહેરમાં ચર્ચાનો વિષય બન્યો છે.


નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા,
સંસ્થાના વિકાસલક્ષી સમાચાર,
બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું
બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ
ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com


## અમદાવાદ મંડળ ‘કવચ ૪.૦’થી થશે સંપૂર્ણ સજ્જઃ રૂા.૧૪૦ કરોડના ખર્ચે ૫૯૮ રૂટ કિલોમીટર પર સ્થાપિત થશે સ્વદેશી ટ્રેન સુરક્ષા પ્રણાલી ‘કવચ ૪.૦’ના વિસ્તરણને મળી મંજૂરી

રેલ સુરક્ષાને વધુ મજબૂત બનાવવા માટે ભારતીય રેલવેએ એક મહત્વપૂર્ણ પગલું ભરતાં પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળમાં ‘કવચ’ સંસ્કરણ ૪.૦ના વિસ્તરણને મંજૂરી આપી છે. આ પ્રોજેક્ટ હેઠળ અમદાવાદ મંડળના ૫૯૮ રૂટ કિલોમીટરમાં ફેલાયેલા ૪૮ બ્લોક સેક્શનમાં કવચ પ્રણાલી સ્થાપિત કરવામાં આવશે. આ કાર્ય માટે રૂા.૧૪૦ કરોડની મંજૂરી આપવામાં આવી છે. આ યોજના ભારતીય રેલવેના બાકીના માર્ગો પર એલટીઈ (LTE) આધારિત સંચાર નેટવર્ક સાથે કવચ પ્રણાલી ઉપલબ્ધ કરાવવાના વ્યાપક કાર્યક્રમ અંતર્ગત મંજૂર કરવામાં આવી છે.

મંડળ રેલ પ્રબંધક અમદાવાદ શ્રી વેદ પ્રકાશે માહિતી આપતાં જણાવ્યું કે, અગાઉ અમદાવાદ મંડળના આશરે ૭૦૨ રૂટ કિલોમીટર પર કવચ કાર્યને પહેલેથી જ મંજૂરી આપવામાં આવી ચૂકી છે. વર્તમાન પ્રોજેક્ટની મંજૂરી સાથે મંડળના બાકીના રેલખંડો પણ કવચ પ્રણાલીના દાયરામાં આવી જશે. પરિણામે, અમદાવાદ મંડળનું સમગ્ર નેટવર્ક કુલ ૧૩૦૦ રૂટ કિલોમીટર સુધી કવચ પ્રણાલીથી આવરી લેવામાં આવશે અને મંડળ ‘કવચ ૪.૦’થી શત-પ્રતિશત સજ્જ બની જશે.




‘કવચ’ ભારતીય રેલવે દ્વારા વિકસાવવામાં આવેલી અત્યાધુનિક અને સ્વદેશી ઓટોમેટિક ટ્રેન પ્રોટેક્શન (ATP) પ્રણાલી છે, જેનો મુખ્ય હેતુ રેલ સંચાલનને વધુ સુરક્ષિત બનાવવાનો છે. આ પ્રણાલી—

સિગ્નલ પાસિંગ એટ ડેન્જર (SPAD) જેવી ઘટનાઓને અટકાવવામાં મદદરૂપ બને છે.

જરૂરિયાત મુજબ આપોઆપ બ્રેક લગાવી અસુરક્ષિત પરિસ્થિતિઓને ટાળે છે.

સંવેદનશીલ પરિસ્થિતિઓમાં ટ્રેનની ગતિને નિયંત્રિત કરે છે.

રેલ અકસ્માતો અને ટ્રેનો વચ્ચેની ટક્કરનું જોખમ નોંધપાત્ર રીતે ઘટાડે છે.

ભારતીય રેલવે મુસાફરોની સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપતાં પોતાના સમગ્ર નેટવર્ક પર કવચ પ્રણાલીનો તબક્કાવાર વિસ્તાર કરી રહી છે. અમદાવાદ મંડળમાં ‘કવચ ૪.૦’નું સંપૂર્ણ અમલીકરણ સુરક્ષિત, આધુનિક અને આત્મનિર્ભર રેલવે વ્યવસ્થાના નિર્માણ તરફનું એક મહત્વપૂર્ણ સોપાન સાબિત થશે.

આ પહેલ માત્ર મુસાફરોની સુરક્ષાને વધુ મજબૂત બનાવશે એટલું જ નહીં, પરંતુ ભારતીય રેલવેના ટેક્નોલોજીકલ આધુનિકીકરણની દિશામાં પણ એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન સાબિત થશે.


નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ
એક શુભેચ્છક



PRGI NO. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, “Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, “Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA
Regd.Office : B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424 Gujarat,India. Phone : (o) 7698333307 (M) 8485951747,7096333307
Email : navsarjansanskruti2016@gmail.com • navsarjansanskruti2016@yahoo.com • Website : www.navsarjansanskruti.com

### આગામી વર્ષના પ્રારંભમાં વસ્તી ગણતરી અને ચુંટણી એક સાથે યોજવી વહિવટી તંત્ર માટે અશકય હશે

# ઉત્તર પ્રદેશ સહિતના રાજયોમાં વિધાનસભા ચુંટણી વહેલી યોજી દેવાશે

પ્રતિનિધિ,ગાંધીનગર

દેશમાં એક તરફ હાલ વસ્તી ગણતરીના પ્રથમ તબકકામાં ઘર ગણતરી શરૂ થઈ છે અને લોકો પાસે કેવા ઘર છે, કેવી સુવિધા છે અને કેટલા લોકો રહે છે તે તમામ માહિતી મેળવાઈ રહી છે. જયારે બીજા તબકકામાં વસ્તી ગણતરીમાં કુલ પરીવારની ગણતરી થશે અને તે આગામી વર્ષ થી શરૂ થશે. જે દેશભરમાં ૨૦૧૧ પછીની સૌથી મોટી કવાયત હશે અને તેના આંકડાઓ અત્યંત મહત્વપૂર્ણ બની રહેશે. કારણ કે ૨૦૨૯ થી એક દેશ એક ચુંટણી અને તે પૂર્વે નવા સીમાંકન સહિતની યોજનાઓમાં સરકાર આગળ વધી રહી છે. તે વચ્ચે એવી ચર્ચા છે કે આગામી વરસે જે રાજયો ચુંટણી માં જઈ રહ્યા છે. ત્યાં તેના નિશ્ચિત સમય કરતા વહેલી ચુંટણીઓ યોજાય તો આશ્ચર્ય થશે નહી.



ખાસ કરીને ઉત્તર પ્રદેશ, પંજાબ, ગોવા, ઉત્તરાખંડ, મણીપુર ઉપરાંત આગામી વરસે ગુજરાત અને હિમાચલ પ્રદેશમાં પણ ચુંટણીઓ યોજાઈ રહી છે અને તે સમયે જ જનગણના ની કાર્યવાહી પણ શરૂ હશે. અલગ અલગ રાજયોની વિધાનસભાઓની મુદત પુરી થઈ રહી છે અને તેમાં ગોવા માં આગામી વર્ષે ૧૪ માર્ચ, મણીપુરમાં ૧૩ માર્ચ, પંજાબમાં ૧૬ માર્ચ , ઉત્તરાખંડમાં ૨૮ માર્ચ, ઉત્તર પ્રદેશમાં ૨૨ મે, ગુજરાતમાં ૧૧ ડીસેમ્બર, હિમાચલમાં ૧૧, ડીસેમ્બરમાં વિધાનસભાની મુદત પુરી થાય છે અને તેથી માનવામાં આવે છે કે આગામી વરસે જે રાજયોમાં પ્રથમ ૬ મહીનામાં વિધાનસભા ડયુ છે ત્યાં કદાચ ચાલુ વર્ષના અંત સુધીમાં ચુંટણીઓ યોજાઈ શકે છે. જેથી આગામી વરસે પ્રારંભમાં વહિવટી તંત્ર પર જનગણનાનુ દબાણ પણ રહે નહી, કારણ કે વસ્તી ગણતરીના આધારે લોકસભા અને વિધાનસભાની સીમાંકનની પ્રક્રિયા થનાર છે. ખાસ કરીને આ અંગે જે રીતે ભાજપ તૈયારી કરી રહ્યુ છે તેથી અન્ય પક્ષો પણ સાવધ થઈ ગયા છે.

# નર્મદા જિલ્લાના ભાજપના ધારાસભ્યનું કાર્યક્રમમાં અપમાન થતા ધરણાં પર બેઠા મહિલા ધારાસભ્ય

પ્રતિનિધિ,ગાંધીનગર

નર્મદા જિલ્લાના રાજપીપળામાં ભાજપના જ કાર્યક્રમમાં ભાજપના મહિલા ધારાસભ્ય ડો. દર્શનાબેન દેશમુખ ના કથિત અપમાનને લઈને મોટો રાજકીય વિવાદ સર્જાયો છે.



કાર્યક્રમ દરમિયાન ધારાસભ્યના પ્રોટોકોલ પ્રમાણે સ્વાગત કરવામાં ન આવ્યુ હોવાનો આક્ષેપ લગાડી ધારાસભ્ય ડો.દર્શનાબેન દેશમુખ ધરણાં પર બેસી ગયા હતા અને રાજીનામાની ચીમકી આપી હતી. જયારે તેમના સમર્થનમાં ઉતરેલા સાંસદ મનસુખ વસાવાએ આ ઘટનાને સમગ્ર આદિવાસી સમાજનુ અપમાન ગણાવી જિલ્લા ભાજપ પ્રમુખ સામે આકરા પ્રહારો કર્યા હતા. મળતી જાણકારી અનુસાર નર્મદા જિલ્લાના રાજપીપળા સ્થિત આંબેડકર હોલ માં પ્રબુધ્ધ નાગરીકોના સન્માન માટે યોજાયેલા ભાજપના કાર્યક્રમમાં ભારે હોબાળો સર્જાયો હતો. નાંદોદના ભાજપના ધારાસભ્ય ડો. દર્શનાબેન દેશમુખે આરોપ લગાવ્યો હતો કે કાર્યક્રમમાં તેમનુ પ્રોટોકોલ મુજબ સ્વાગત કરવામાં આવ્યુ ન હતું અને તેમનુ નામ પણ લેવામાં આવ્યુ ન હતું. જેના કારણે તેઓ નારાજ થઈ કાર્યક્રમ સ્થળે જ ધરણાં પર બેસી ગયા હતા.

કાર્યક્રમમાં પ્રભારી મંત્રી ઈશ્વરસિંહ પટેલ, પૂર્વ વનમંત્રી ગણપત વસાવા સહિતના આગેવાનો હાજર હતા. ધારાસભ્યની નારાજગી બાદ તેમને મનાવવા માટે નેતાઓમાં દોડધામ મચી ગઈ હતી. જો કે દર્શનાબેન દેશમુખે જિલ્લા ભાજપ પ્રમુખ પર ગંભીર આક્ષેપો કરતા જણાવ્યુ હતુ કે તેઓ સતત તેમનુ અપમાન કરી રહ્યા છે. તેમણે એવો પણ આક્ષેપ કર્યો હતો કે તેઓ આદિવાસી સમાજમાંથી આવતા હોવાથી તેમની સાથે ભેદભાવભર્યુ વર્તન કરવામાં આવે છે. ધારાસભ્ય ડો.દર્શનાબેન દેશમુખે મીડીયા સમક્ષ જિલ્લા ભાજપ સંગઠન પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે આક્ષેપ કરતા જણાવ્યુ હતુ કે છેલ્લા બે વરસથી જિલ્લા ભાજપ પ્રમુખ દ્વારા ધારાસભ્યનુ સતત અપમાન કરવામાં આવી રહ્યુ છે. ગાંધીનગરના એક મોટા મંત્રીનુ જિલ્લા ભાજપ પ્રમુખને પીઠબળ છે. જેના કારણે તેઓ આ પ્રકારે મનમાની ચલાવી રહ્યા છે. સંગઠન દ્વારા ચુંટણીઓમાં મનફાવે તેવા લોકોને ટીકીટો આપી દેવામાં આવી અને આવી મનમાનીના કારણે જ ચુંટણીમાં હારનો સામનો કરવો પડયો છે. દર્શનાબેન દેશમુખે વધુમાં જણાવ્યુ હતુ કે જનતાએ તેમને ચુંટીને વિધાનસભામાં મોકલ્યા છે. છતાં વારંવાર તેમનુ અપમાન કરવામાં આવે છે. તેમણે જિલ્લા ભાજપ પ્રમુખ પર સ્વાર્થની રાજનીતી કરવાનો પણ આરોપ લગાવ્યો હતો.

આ સમગ્ર વિવાદ વચ્ચે ભરૂચના સાંસદ મનસુખ વસાવા પણ ધારાસભ્યના સમર્થનમાં આવ્યા હતા. તેમણે જણાવ્યુ હતુ કે આ માત્ર એક ધારાસભ્યનુ નહી પરંતુ સમગ્ર આદિવાસી સમાજનુ અપમાન છે. સાથે જ તેમણે જિલ્લા ભાજપ પ્રમુખ નીલ રાવ નુ રાજીનામુ લેવાની પણ માંગ કરી હતી. મનસુખ વસાવાના નિવેદન બાદ નર્મદાની ભાજપની આંતરીક જુથબંધી અને અસંતોષ ફરી એકવાર જાહેર મંચ પર જોવા મળ્યો છે.

# વડોદરા મંડળના કરચિયા યાર્ડમાં વ્યાપક યાર્ડ સુધારણા, ટ્રેક સુરક્ષા અને સંચાલન કાર્યક્ષમતા થશે સારી

પશ્ચિમ રેલવેના વડોદરા મંડળના એન્જિનિયરિંગ વિભાગ દ્વારા કરચિયા યાર્ડમાં વ્યાપક યાર્ડ સુધારણા અને ડ્રેનેજ (પાણીની નિકાસ) સુધારણા સંબંધિત કાર્યો સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યા છે. આ મહત્વપૂર્ણ પ્રોજેકટના પરિણામે યાર્ડની સુરક્ષા, જાળવણી ક્ષમતા, સંચાલન કાર્યક્ષમતા અને વિશ્વસનીયતામાં નોંધપાત્ર સુધારો થયો છે.





પશ્ચિમ રેલવેના વડોદરા મંડળના જનસંપર્ક અધિકારી શ્રી અનુભવ સકસેના દ્વારા જારી કરાયેલી પ્રેસ વિજ્ઞપ્તિ અનુસાર, કરચિયા યાર્ડમાં ટ્રેનોની પ્રાપ્તિ-પ્રેષણ, સ્ટેબલિંગ, શન્ટિંગ તેમજ જાળવણી સંબંધિત પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે. છેલ્લા કેટલાક વર્ષોથી યાર્ડના દક્ષિણ ભાગમાં ગંભીર જળભરાવની સમસ્યા સર્જાતી હતી, જેના કારણે ઘણી વખત સિગ્નલ નિષ્ફળતા જેવી સંચાલન સંબંધિત મુશ્કેલીઓ ઊભી થતી હતી. આ પડકારોના નિવારણ માટે પશ્ચિમ રેલવેના વડોદરા મંડળના એન્જિનિયરિંગ વિભાગ દ્વારા એક સર્વગ્રાહી યાર્ડ સુધારણા કાર્યક્રમ અમલમાં મૂકવામાં આવ્યો, જેમાં ટ્રેક નવીનીકરણ, બેલેસ્ટ પુનર્વસન, સ્લીપર બદલવા, પાણીની નિકાસમાં સુધારો તેમજ ટ્રેક જ્યોમેટ્રી સુધારણા સંબંધિત અનેક કાર્યો કરવામાં આવ્યા.

મુખ્ય કાર્યો અંતર્ગત કુલ ૮૩૭.૫૪ ટ્રેક મીટર લંબાઈના ટ્રેકનું નવીનીકરણ કરવામાં આવ્યું. લોંગ ડેડ એન્ડ, સિક લાઈન નંબર ૨૪, લાઈન નંબર ૮૭ અને ૮ મ ડેડ એન્ડ તેમજ લાઈન નંબર ૧ થઈ વળાંક સહિત વિવિધ સ્થળોએ જૂના ટ્રેક દૂર કરીને નવા ટ્રેક અને બેલેસ્ટની વ્યવસ્થા કરવામાં આવી. ૨૮ પોઈન્ટ્સ અને ક્રોસિંગ્સ તેમજ ૬,૫૮૬ ટ્રેક મીટર સામાન્ય ટ્રેકનું ડીપ સ્ક્રીનિંગ કરવામાં આવ્યું. દૂષિત બેલેસ્ટ દૂર કરીને પાણીની નિકાસ ક્ષમતા અને ટ્રેકની સ્થિરતામાં સુધારો કરવામાં આવ્યો. લૂપ લાઈન્સ, સિક લાઈન્સ, ટર્નઆઉટ વિસ્તારો અને કનેક્ટિવિટી ટ્રેકમાં કુલ ૬,૫૮૬ PSC સ્લીપરનું નવીનીકરણ કરવામાં આવ્યું.

આ ઉપરાંત, ૪,૩૫૫.૬૦ ટ્રેક મીટર વિસ્તારમાં વ્યવસ્થિત લિફ્ટિંગ અને પેકિંગ દ્વારા ટ્રેક જ્યોમેટ્રીમાં સુધારો કરવામાં આવ્યો. પાણીની નિકાસ વધુ અસરકારક બનાવવા માટે ૧,૧૨૯.૭૦ મીટર લંબાઈમાં મહત્વપૂર્ણ સ્થળોએ સેસ લોઅરિંગનું કામ કરવામાં આવ્યું. ૧.૫ લાખ લિટર ક્ષમતા ધરાવતા સંપ (Sump)નું નિર્માણ કરવામાં આવ્યું. વરસાદી પાણીની અસરકારક નિકાસ માટે ૨૦૦ મીટર RCC નાળાઓનું પણ નિર્માણ કરવામાં આવ્યું.

આ સંકલિત સુધારણા કાર્યક્રમના પરિણામે કરચિયા યાર્ડની ભૌતિક સ્થિતિ અને પાણીની નિકાસ વ્યવસ્થામાં વ્યાપક સુધારો થયો છે. આ કાર્યોને કારણે જળભરાવની સમસ્યામાં અસરકારક ઘટાડો થશે. સિગ્નલિંગ સિસ્ટમની વિશ્વસનીયતા વધશે. ટ્રેક સુરક્ષા અને સંચાલન કાર્યક્ષમતામાં સુધારો થશે. જાળવણીની જરૂરિયાતોમાં ઘટાડો થશે. રેલવે સંપત્તિઓની આયુષ્ય અને કામગીરીમાં વધારો થશે. ચોમાસા દરમિયાન યાર્ડનું સંચાલન વધુ સુરક્ષિત અને સરળ બનશે.

પશ્ચિમ રેલવેના વડોદરા મંડળ દ્વારા હાથ ધરાયેલા આ કાર્યો રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચરના આધુનિકીકરણ, સુરક્ષિત સંચાલન અને ઉત્તમ સેવા પ્રદાન કરવાની દિશામાં એક મહત્વપૂર્ણ સિદ્ધિ છે.

### અકસ્માત અને આપાતકાલીન પરિસ્થિતિઓમાં ઝડપી રાહત તથા પુનઃસ્થાપન કામગીરીને મળશે ગતિ

# જેતલસર જંકશન ખાતે રોડ મોબાઈલ એક્સિડન્ટ રિલીફ વાનની તૈનાતી

ભાવનગર મંડળના મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્માની પ્રેરણાથી અને વરિષ્ઠ મંડળ યાંત્રિક ઈજનેર શ્રી સંતોષ કુમાર મિશ્રાના માર્ગદર્શન હેઠળ પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળ દ્વારા અકસ્માત વ્યવસ્થાપન અને આપદા પ્રતિસાદ ક્ષમતાને વધુ મજબૂત બનાવવાના દિશામાં એક મહત્વપૂર્ણ પગલું ભરવામાં આવ્યું છે. આ ક્રમમાં જેતલસર જંકશન ખાતે રોડ મોબાઈલ એક્સિડન્ટ રિલીફ વાન (RMARV) ની વ્યૂહાત્મક રીતે તૈનાતી કરવામાં આવી છે.





આ અંગે માહિતી આપતા વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીએ જણાવ્યું હતું કે જેતલસર જંક્શનનું ભૌગોલિક સ્થાન અને ઉત્તમ માર્ગ જોડાણ તેને આવી આપાતકાલીન વ્યવસ્થા માટે અત્યંત યોગ્ય બનાવે છે. આ જંકશન સુરેન્દ્રનગર–જેતલસર, જેતલસર–વેરાવળ અને જેતલસર–વાંસજાળિયા જેવા મહત્વપૂર્ણ રેલખંડોના મધ્યમાં આવેલું હોવાથી કોઈપણ અકસ્માત અથવા પાટા પરથી ટ્રેન ઉતરી જવાની ઘટના સર્જાય ત્યારે રાહત વાન ઓછામાં ઓછા સમયમાં ઘટનાસ્થળે પહોંચી શકે છે. રોડ મોબાઈલ એક્સિડન્ટ રિલીફ વાનમાં અકસ્માત રાહત અને પુનઃસ્થાપન કામગીરી માટે જરૂરી આધુનિક સાધનો ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે. તેમાં લિફ્ટિંગ અને કટિંગ ટૂલ્સ, પોર્ટેબલ લાઈટિંગ વ્યવસ્થા, સંચાર સાધનો, જનરેટર તેમજ અન્ય આપાતકાલીન સામગ્રીનો સમાવેશ થાય છે, જેના દ્વારા અકસ્માતની સ્થિતિમાં ઝડપી રાહત અને પુનઃસ્થાપન કામગીરી સુનિશ્ચિત કરી શકાય છે.

શ્રી ત્રિપાઠીએ વધુમાં જણાવ્યું કે આ વાન ખાસ કરીને એવી પરિસ્થિતિઓમાં અત્યંત ઉપયોગી સાબિત થશે, જ્યાં રેલ માર્ગ દ્વારા સંચાલિત પરંપરાગત એસપીએઆરએમવી/એઆરટી (Self-Propelled Accident Relief Medical Van/ Accident Relief Train) ને ઘટનાસ્થળે પહોંચવામાં તુલનાત્મક રીતે વધુ સમય લાગી શકે છે. આવા સંજોગોમાં, જ્યાં માર્ગ દ્વારા પહોંચવું શક્ય હોય, ત્યાં રોડ મોબાઈલ એક્સિડન્ટ રિલીફ વાન તરત જ ઘટનાસ્થળે પહોંચી પ્રાથમિક રાહત, બચાવ અને પુનઃસ્થાપન કામગીરી શરૂ કરી શકશે તેમજ ભારે રેલવે રાહત સંસાધનો પહોંચે ત્યાં સુધી અસરકારક સહયોગ પૂરો પાડી શકશે.

જેતલસર જંક્શન ખાતે આ વાનની તૈનાતીથી પશ્ચિમ રેલવેની આપદા વ્યવસ્થાપન તૈયારી વધુ મજબૂત બનશે, સંચાલન ક્ષમતામાં સુધારો થશે અને ટ્રેન સેવાઓમાં વિક્ષેપને ન્યૂનતમ રાખવામાં મદદ મળશે. આ પહેલ મુસાફરોની સુરક્ષા અને આપાતકાલીન પરિસ્થિતિઓમાં રેલવે સંચાલનની ઝડપી પુનઃસ્થાપના પ્રત્યે પશ્ચિમ રેલવેની પ્રતિબદ્ધતાને વધુ સશક્ત બનાવે છે.

# ગાંધીનગરના મીના બજારમાં લારીમાં વેચતા કપડાંની આડમાં ચાલતા દારૂના નેટવર્કનો પર્દાફાશ

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

ગાંધીનગરના જુના સચિવાલય નજીક આવેલુ મીના બજાર સરકારી કર્મચારીઓ અને સ્થાનિક લોકો માટે ખરીદીનુ એક જાણીતુ અને મનપસંદ ડેસ્ટિનેશન માનવામાં આવે છે. સસ્તા કપડાં અને અન્ય ચીજ વસ્તુઓ માટે પ્રખ્યાત એવા આ બજારમાં કપડાં વેચવાના બહાને આંતરરાષ્ટ્રીય સ્તરની મોંઘીદાટ બ્રાન્ડના વિદેશી દારૂનુ એક આખુ હાઈપ્રોફાઈલ નેટવર્ક ચાલતુ હોવાનો સનસનાટી ભર્યો ઘટસ્ફોટ થયો છે.





ગાંધીનગર સેકટર ૭ પોલીસને મળેલી પાકી બાતમીના આધારે આ સમગ્ર કાળા કારોબારનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. ઘટનાની વિગત એવી છે કે મીના બજારમાં કપડાંની આડમાં મોંઘીદાટ બ્રાન્ડનો વિદેશી દારૂ સપ્લાય કરવામાં આવી રહ્યો હોવાની ચોકકસ માહિતી સેકટર ૭ પોલીસ સ્ટેશનના સર્વેલન્સ સ્કવોર્ડ ને મળી હતી. આ બાતમીના આધારે પીએસઆઈ જે એચ મકવાણા અને તેમની ટીમે રાત્રીના સમયે બજારમાં દરોડો પાડવાનુ આયોજન કર્યુ હતું. તપાસ દરમિયાન શાકભાજી અને અન્ય ચીજવસ્તુઓની લારીઓની હરોળમાં સસ્તા કપડાં વેચવાના બહાને ઉભેલી બે લારીઓ શંકાસ્પદ લારીઓ પોલીસના રડારમાં આવી હતી. પોલીસે જયારે આ લારીઓના તાળા તોડીને અંદર સઘન સર્ચ ઓપરેશન હાથ ધર્યુ ત્યારે ચોંકાવનારી વિગતો બહાર આવી હતી.

લારીઓ ખોલતાની સાથે જ ઉપર ગોઠવેલા સસ્તા કપડાંના જથ્થાની નીચે છુપાવેલો મોંઘીદાટ વિદેશી દારૂ અને પ્રિમિયમ બીયરના ટીનનો મસમોટો જથ્થો મળી આવ્યો હતો. કપડાં વેચવાના બહાને ગ્રાહકોને આકર્ષિને અંદરથી બ્રાન્ડેડ દારૂની બોટલો સપ્લાય કરવાનુ આ હાઈપ્રોફાઈલ નેટવર્ક જોઈને ખુદ પોલીસ પણ આશ્ચર્યચકિત થઈ ગઈ હતી. આ દરોડા દરમિયાન પોલીસે લારીમાંથી અંદાજે રૂપીયા ૧.૫૦ લાખ થી વધુની કિંમતની કુલ ૧૧૦ નંગ પ્રિમિયમ વિદેશી દારૂની બોટલોનો જથ્થો જપ્ત કર્યો હતો. પકડાયેલી બોટલોમાં ૫ થી ૭ હજાર રૂપીયાની કિંમત ધરાવતી પ્રતિષ્ઠિત બ્રાન્ડનો પણ સમાવેશ થાય છે. પોલીસે આ તમામ મુદ્દામાલ કબ્જે કરીને લારીના માલીક અને આ નેટવર્ક પાછળના મુખ્ય સુત્રધાર એવા વોન્ટેડ બુટલેગર રાજુ રાણાને ઝડપી લેવા માટે ચક્રો ગતિમાન કર્યા છે અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ સમીટઃ વડોદરા

# ‘વિવિધ’ હાય-ફેબ પ્રાઈવેટ લિમિટેડ ભારતના પરમાણુ ઊર્જા કાર્યક્રમમાં મુખ્ય યોગદાનકર્તા તરીકે ઉભરતી વડોદરા સ્થિત MSME

વિવિધ હાય-ફેબ પ્રાઈવેટ લિમિટેડ (Vividh Hi-Fab Private Limited) કલ્પક્કમ ખાતેના દેશના પ્રતિષ્ઠિત ૫૦૦ મેગાવોટ પ્રોટોટાઈપ ફાસ્ટ બ્રીડર રિએક્ટર (PFBR) પ્રોજેકટમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવીને, ભારતના વધતા જતા સ્વદેશી ડિઝાઈન, ફેબ્રિકેશન, નિરીક્ષણ, પરીક્ષણ અને પરમાણુ ઉપકરણોના કમિશનિંગની ક્ષમતાનું એક ગૌરવશાળી પ્રતીક બનીને ઉભરી છે. ભારતની ત્રિ-સ્તરીય પરમાણુ ઈંધણ ચક્ર પ્રક્રિયા હેઠળ વિકસિત FBR પ્રોજેકટ, રાષ્ટ્રની લાંબા ગાળાની ઊર્જા સુરક્ષા અને અદ્યતન પરમાણુ ટેકનોલોજીમાં આત્મનિર્ભરતા માટે એક મોટું સીમાચિહ્નરૂપ છે.




૧૯૮૩માં ભાગીદારી પેઢી તરીકે સ્થાપિત, વિવિધ હાય-ફેબ કંપનીએ વડોદરાના GIDC મકરપુરા ખાતે આધુનિક ટેકનોલોજી અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે અદ્યતન એન્જિનિયરિંગ સોલ્યુશન્સ પ્રદાન કરવાના વિઝન સાથે તેની સફર શરૂ કરી હતી. વર્ષો જતાં, કંપની પ્રાઈવેટ લિમિટેડમાં રૂપાંતરિત થઈ અને ભારતની પ્રતિષ્ઠિત સંસ્થાઓ માટે ભારે અને અત્યાધુનિક એન્જિનિયરિંગ સાધનોના ઉત્પાદનમાં એક વિશ્વસનીય નામ બની ગઈ છે.

તેના શરૂઆતના વર્ષોથી જ કંપનીએ પરમાણુ સાધનો અને માળખાના નિર્માણ દ્વારા પરમાણુ ઊર્જા વિભાગ (DAE), ભાભા એટોમિક રિસર્ચ સેન્ટર (BARC), ન્યુક્લિયર ફ્યુઅલ કોમ્પ્લેક્સ (NFC), ઈન્દિરા ગાંધી સેન્ટર ફોર એટોમિક રિસર્ચ (IGCAR), હેવી વોટર પ્લાન્ટ્સ, અને ન્યુક્લિયર પાવર કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ (NPCIL) જેવા મહત્વના સરકારી ક્ષેત્રો તેમજ અતુલ લિમિટેડ જેવા પ્રતિષ્ઠિત ખાનગી ક્ષેત્રોમાં સેવા આપી છે. દાયકાઓના અનુભવ સાથે, કંપનીએ રેલ્વે, પેટ્રોલિયમ, પેટ્રોકેમિકલ્સ, કેમિકલ્સ, કોપર ઉદ્યોગો અને સંરક્ષણ ક્ષેત્રોમાં પણ પોતાનો વિસ્તાર કર્યો છે.

વડોદરા સ્થિત આ MSME એ ‘ભાવિની’ BHAVINI માટે અનેક જટિલ સિસ્ટમો અને ઘટકો સફળતાપૂર્વક સપ્લાય અને કમિશન કર્યા છે. કંપનીએ સેલ ટ્રાન્સફર મશીન્સ, ફ્રેશ સબ-એસેમ્બલી સ્ટોરેજ બેઝ, ટ્રાન્સફર ચેમ્બર કેરેજ, શીલ્ડેડ ગેટ્સ, સોડિયમ પ્યુરિફિકેશન સિસ્ટમ્સ માટે લીડ શીલ્ડિંગ સિસ્ટમ્સ અને થર્મલ ઈન્સ્યુલેશન સિસ્ટમ્સ જેવા અત્યાધુનિક સાધનોની બનાવટમા અગત્યનો ફાળો આપ્યો છે.

PFBR પ્રોજેકટમાં તેના સીધા યોગદાન ઉપરાંત કંપની IGCAR સાથે પણ સક્રિયપણે જોડાયેલી છે. વિવિધ હાય-ફેબ દ્વારા રિએક્ટર માટે ૪.૮ મીટર વ્યાસ ધરાવતું લાર્જ બેરિંગ, કંટ્રોલ પ્લગ મોડલ્સ, સોડિયમ ટેસ્ટ વેસેલ્સ અને નાઈટ્રોજન-ટુ-એર હીટ એક્સચેન્જર્સ જેવી અદ્યતન સિસ્ટમો પૂરી પાડવામાં આવી છે.

કંપનીની સૌથી નોંધપાત્ર સિદ્ધિઓમાંની એક છે વપરાયેલા ઈંધણ (Spent Fuel Assemblies) ના સુરક્ષિત પરિવહન અને સંગ્રહ માટેના સાધનોનો સફળ વિકાસ છે. લગભગ ત્રણ વર્ષના સઘન એન્જિનિયરિંગ પ્રયાસો બાદ આ સફળતા મળી છે, જે વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીના "મેક ઈન ઈન્ડિયા" અને "આત્મનિર્ભર ભારત" ના વિઝનને મજબૂત બનાવે છે.

અત્યાર સુધી, ભારત TAPS-1 અને ૨ તથા KKNPP જેવા લાઈટ વોટર રિએક્ટર્સના વપરાયેલા ઈંધણના સંગ્રહ અને પરિવહન માટેની જટિલ સિસ્ટમો માટે મોટાભાગે આયાત પર નિર્ભર હતું. વિવિધ હાય-ફેબ કદાચ વિશ્વની પ્રથમ એવી MSME ફેસિલિટી બની છે જે વડોદરામાં એક જ છત નીચે આ ત્રણેય જટિલ સિસ્ટમોનું ઉત્પાદન, પરીક્ષણ અને સપ્લાય કરે છે.

### NEET પેપર લીક મામલે

# અમદાવાદ સાયબર ક્રાઈમ બ્રાન્ચે ત્રણ આરોપીને પકડ્યાં

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

નેશનલ એલિજિબિલિટી એન્ડ એન્ટ્રન્સ ટેસ્ટ (NEET) પરીક્ષામાં ગેરરીતિ અને વિદ્યાર્થીઓ સાથે છેતરપિંડી આચરવાના આંતરરાજ્ય રેકેટનો અમદાવાદ સાયબર ક્રાઈમે પર્દાફાશ કર્યો છે.

પોલીસે આ મામલે 3 આરોપીઓની ધરપકડ કરી છે. પકડાયેલા આરોપીઓમાંથી બે રાજસ્થાનના અને એક બિહારનો હોવાનું સામે આવ્યું છે, જેઓ પેપર લીક અને રિફંડના નામે વિદ્યાર્થીઓ પાસેથી લાખો રૂપિયા પડાવતા હતા.પોલીસની પ્રાથમિક તપાસમાં ચોંકાવનારો ઘટસ્ફોટ થયો છે કે, NEET પેપર લીક વિવાદનો ગેરલાભ ઉઠાવીને રાજસ્થાનના બે ભેજાબાજોએ ટેલિગ્રામ પર અલગ-અલગ ચેનલો બનાવી હતી. આ બંને શખસો સોશિયલ મીડિયા પર મેસેજ મૂકીને વિદ્યાર્થીઓ અને વાલીઓને લાલચ આપતા હતા કે તેઓ લાખો રૂપિયાના બદલામાં NEETનું અસલ પેપર અને આન્સર કી લાવી આપશે.હકીકતમાં આ આરોપીઓ પાસે કોઈ અસલ પેપર નહોતું. તેઓ માત્ર ઉમેદવારોની લાચારીનો ફાયદો ઉઠાવી એડવાન્સમાં પૈસા પડાવતા હતા અને બાદમાં તેમને જૂના કે બોગસ પેપરો પધરાવી દઈ મોટી છેતરપિંડી આચરતા હતા. સાયબર ક્રાઈમે ટેકનિકલ લોકેશનના આધારે આ બંનેને રાજસ્થાનથી દબોચી લીધા છે.બીજી તરફ, સાયબર ક્રાઈમની ટીમે આ જ ઓપરેશન અંતર્ગત બિહારથી વધુ એક શખસની ધરપકડ કરી છે. આ આરોપી NEET પરીક્ષાની ફી રિફંડ કરાવવાના નામે ઓનલાઈન ળોડ આચરતો હતો. તે ખૂબ જ ચાલાકીપૂર્વક વિદ્યાર્થીઓના લોગ-ઈન આઈડી અને પાસવર્ડ મેળવી લેતો હતો અને ત્યારબાદ ડેટા સાથે ચેડાં કરીને રિફંડ અપાવવાના બહાને ડિજિટલ ઠગાઈ કરતો હતો.હાલમાં અમદાવાદ સાયબર ક્રાઈમે રાજસ્થાન અને બિહારથી ઝડપાયેલા આ ત્રણેય આરોપીઓની પૂછપરછ હાથ ધરીને આ કૌભાંડમાં અન્ય કોઈની સંડોવણી છે કે કેમ તે દિશામાં વધુ તપાસ શરૂ કરી છે.


**પશ્ચિમ રેલ્વે - રતલામ વિભાગ**

**સિગ્નલ અને ટેલિકોમ્યુનિકેશન વિભાગ**
**ઇ-ટેન્ડર સૂચના**
**ટેન્ડર નંબર: SnT-RTM-26-TELE-12, તારીખ: 12.06.2026**

**કામનું નામ:** રતલામ વિભાગમાં સ્ટેશન યાર્ડ વિસ્તારમાં મુખ્ય લાઇન પોઇન્ટ અને ક્રોસિંગ પર દેખરેખ રાખવા માટે CCTV સિસ્ટમ ઇન્સ્ટોલ કરવા માટે ટેલિકોમ્યુનિકેશન સાધનોનો પુરવઠો, સ્થાપન, પરીક્ષણ અને કમિશનિંગ. **અંદાજિત કામનો ખર્ચ:** ₹3,27,68,051.58/- (ત્રણ કરોડ સત્તાવીસ લાખ અડસઠ હજાર એકાવન રૂપિયા અને અઠાવન પૈસા માત્ર), **ટેન્ડર મૂલ્ય:** કોઈ નહીં, **સુરક્ષા ડિપોઝિટ:** ₹6,55,400.00/-, **પૂર્ણતા સમયગાળો:** બાર (12) મહિના, ઇ-ટેન્ડર દસ્તાવેજો સબમિટ કરવાની છેલ્લી તારીખ અને સમય: તા.14/07/2026 ના 15:00 કલાક સુધીમાં. **ઇ-ટેન્ડર ખોલવાની તારીખ તારીખ અને સમય:** તા.14/07/2026 ના 15:30 કલાક સુધી. માન્યતા: ટેન્ડર ખોલવાની તારીખથી 60 દિવસ. ટેન્ડર https://www.ireps.gov.in વેબસાઇટ પર જોઈ શકાય છે.

ADM/6/1/101

અમને ફોલો કરો: twitter.com/WesternRly

જે પ્રમાણે ભારતીય જહાજો પર અમેરિકા હુમલાઓ કરીને ભારતને ડરાવી રહ્યું છે ત્યારે

# ભારતે અમેરિકા સામે લાલ આંખ બતાવવાનો સમય આવી ગયો છે

(છગનલાલ મેવાડા દ્વારા) સુરત

એક તરફ ઈરાને હોર્મુઝની સામુદ્રધુનીમાં પોતાનો અવરોધ લાગુ કર્યો છે જયારે બીજી તરફ, અમેરિકાએ સમગ્ર પ્રદેશમાં નાકાબંધી લાદી છે. ભારત અથવા અન્ય દેશોના વાણિજિયક જહાજો અને નાગરિક માળખાગત સુવિધાઓને કેમ નિશાન બનાવવામાં આવી રહ્યા છે? હોર્મુઝની સામુદ્રધુની અને અન્ય દરિયાઈ માર્ગો દ્વારા અવરોધ વિનાની હિલચાલ પુનઃસ્થાપિત કરવી મહત્વપૂર્ણ છે.

કારણ કે વર્તમાન વિક્ષેપોએ અનેક દેશોની ઉર્જા અને તેલ પુરવઠા પર ગંભીર અસર કરી છે. જેના કારણે લોકોના જીવન પર વ્યાપક સ્તરે પ્રતિકૂળ અસર પડી છે. મોટી તકલીફ એ છે કે યુદ્ધ વચ્ચે પણ વાણિજિયક જહાજો માટે સલામત માર્ગ સુનિશ્ચિત થવો જોઈતો હતો. પરંતુ આ જહાજો કોઈપણ વાજબી કારણ વગર હુમલાઓનો ભોગ બની રહ્યા છે ત્યારે પ્રશ્ન એ ઉભો થાય છે કે વર્ચસ્વ માટેની આ લડાઈમાં શું આંતરરાષ્ટ્રીય કાયદાઓની અમેરિકાની નજરમાં કોઈ કિંમત જ નથી? અમેરિકા જો ભાન ભૂલી ગયુ હોય તો ભારત જેવા દેશોએ તેને વધુ સપ્લાઈ સાથે ભાન કરાવવું જ રહ્યું.

અમેરિકાએ કોઈ નક્કર કારણ કે ઉશ્કેરણી વિના હુમલાઓ શરૂ કર્યા. એવું લાગે છે કે અમેરિકા માટે તેના બેજવાબદાર વલણ અને હઠીલા પણાના પરિણામો અંગે ચિંતન કરવાનો સમય આવી ગયો છે. હુમલાના પરિણામે ખલાસીઓના મૃત્યુ બાદ ભારતે અમેરિકી દૂતવાસના ચાર્જ "ડી"અફેર્સને બોલાવીને કડક વિરોધ નોંધાવ્યો તે કારણ વગર નથી. મધ્યપૂર્વમાં અસ્થિર સુરક્ષા પરિસ્થિતિ પર ઊંડી ચિંતા વ્યકત કરતા વિદેશ મંત્રાલયે સમુદ્રમાં વાણિજિયક જહાજો પરના હુમલાઓને ભૂ-રાજકીય દુશ્મનાવટને આભારી ગણાવ્યા. ત્યારે અમેરિકાએ તાજેતરમાં જે બેદરકારી અને મનસ્વીતા દર્શાવી છે તે શાંતિની પુનઃસ્થાપના માટે ચિંતાનો અભાવ સૂચવે છે.

# ખેડુત રેલી માં કોંગ્રેસના ટ્રેકટર સામે મેદાનમાં ઉતર્યુ પોલીસનું જેસીબી: ગાંધીનગર જતા પહેલા રસ્તા પર જ પોલીસ અને ખેડુતો વચ્ચે ઘર્ષણ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ભાજપ સરકારની કથિત ખેડુત વિરોધી નીતીઓના વિરોધમાં કોંગ્રેસ અને કિસાન સંઘર્ષ સમિતિ દ્વારા આયોજીત ખેડુત અધિકાર ટ્રેકટર રેલી દરમિયાન અમદાવાદમાં તંગદીલીનો માહોલ સર્જાયો હતો.




અમદાવાદના શાંતિપુરા સર્કલ થી શરૂ થયેલી ૧૧૧૧ ટ્રેકટરની આ રેલીને ગાંધીનગર સુધી લઈ જવાની મંજુરી ન મળતા રોડ રસ્તા પર હોબાળો અને ઘર્ષણના દ્રશ્યો જોવા મળ્યા હતા. કોંગ્રેસના જણાવ્યા અનુસાર રાજયના વિવિધ જિલ્લાઓમાંથી મોટી સંખ્યામાં ખેડુતો આ રેલીમાં જોડાયા હતા. પક્ષે આરોપ લગાવ્યો હતો કે સરકારની નીતીઓના કારણે ખેડુતો સતત મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે અને ખેડુતોની જમીનોમાં બળજબરીપૂર્વક કંપનીઓની લાઈનો નાંખવામાં આવી રહી છે. આ મુદ્દાઓને લઈને કોંગ્રેસ દ્વારા ટ્રેકટર માર્ચનુ આયોજન કરવામાં આવ્યુ હતું.

વહિવટી તંત્ર દ્વારા કોંગ્રેસની ટ્રેકટર રેલીને ગાંધીનગર સુધી જવાની મંજુરી આપવામાં આવી ન હતી. તંત્ર દ્વારા માત્ર અમદાવાદના શાંતિપુરા ચોકડીથી ઓગણજ ખાતે આવેલા શતાબ્દી મહોત્સવ મેદાન સુધી જ રેલી કાઢવાની મંજુરી આપવામાં આવી હતી. આ મેદાનમાં ખેડુત સભાનુ આયોજન કરવામાં આવ્યુ હતું. જયાં કોંગ્રેસના નેતાઓ અને ખેડુત આગેવાનો ખેડુતોને સંબોધવાના હતા. જો કે રેલીમાં જોડાયેલા અનેક ખેડુતો ગાંધીનગર સુધી પહોચવાની માંગ પર અડગ રહ્યા હતા. રેલી આગળ વધતી વખતે પોલીસે ખેડુતોને આગળ વધતા રોકવા માટે કાર્યવાહી હાથ ધરી હતી.

અહેવાલો મુજબ કેટલાક સ્થળોએ જેસીબી અને અન્ય અવરોધો ગોઠવીને રેલીને અટકાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

પોલીસની આ કાર્યવાહીથી ખેડુતો અને કોંગ્રેસના કાર્યકરોમાં ભારે રોષ ફેલાયો હતો. સ્થળ પર સુત્રોચ્ચાર અને વિરોધના દ્રશ્યો જોવા મળ્યા હતા. કેટલાક ખેડુતો અને કાર્યકરોએ પોલીસની કાર્યવાહી સામે વાંધો ઉઠાવ્યો હતો અને ગાંધીનગર સુધી કુચ કરવાની પોતાની માંગ દોહરાવી હતી.

રેલીમાં જોડાયેલા ખેડુતોનુ કહેવુ હતુ કે તેઓ માત્ર ઓગણજ ખાતે યોજાનારી સભામાં હાજરી આપવા માટે આવ્યા નથી. પરંતુ પોતાના પ્રશ્નો સીધા સરકાર સુધી પહોચાડવા ગાંધીનગર જવા માંગે છે. વિરોધ દરમિયાન કેટલાક ખેડુતોએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યુ હતુ કે અમે ઓગણજ સભામાં નહી જઈએ, અમે તો ગાંધીનગર જઈને જ રહીશું, ખેડુતોના આ વલણને કારણે સ્થળ પર તંગદીલી નો માહોલ જોવા મળ્યો હતો. કોંગ્રેસ આ રેલી દ્વારા જમીન સંપાદન, ખેતી સંબંધિત પ્રશ્નો, વીજ લાઈનોના મુદ્દા અને ખેડુતોના અધિકાર જેવા મુદ્દાઓને ઉઠાવી રહી છે. પક્ષનો દાવો છે કે ખેડુતોની માંગણીઓને સરકાર સુધી પહોચાડવા માટે આ ટ્રેકટર માર્ચ રેલી યોજવામાં આવી છે.

તો બીજી તરફ વહિવટી તંત્ર દ્વારા કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે જરૂરી પગલા લેવામાં આવ્યા હોવાનુ માનવામાં આવે છે. રેલી દરમિયાન સુરક્ષા એજન્સીઓ અને પોલીસનો ચુસ્ત બંદોબસ્ત પણ ગોઠવવામાં આવ્યો હતો. હાલ સમગ્ર ઘટનાક્રમ પર રાજકીય વર્તુળો અને ખેડુતોની નજર છે. આગામી કલાકોમાં ખેડુતો અને વહિવટી તંત્ર વચ્ચે શું સમાધાન થાય છે અને રેલીનો અંતિમ માર્ગ શું રહે છે તે મહત્વપુર્ણ બનશે.

# નર્મદામાં ભાજપની બેઠકમાં ધારાસભ્ય દર્શના દેશમુખ ની અવગણના: ભાજપમાં આદિવાસી નેતાઓનુ સન્માન જળવાતુ નથી : ચૈતર વસાવા

પ્રતિનિધિ,ગાંધીનગર

ડેડીયાપાડાના આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવાએ રાજપીપળા ખાતે યોજાયેલી વિકસિત ભારત સંકલ્પ સંમેલનની બેઠકને લઈને ભારતીય જનતા પાર્ટી પર ગંભીર આક્ષેપો કર્યા હતા. એક વિડીયો નિવેદનમાં તેમણે જણાવ્યુ હતુ કે બેઠકમાં જિલ્લાના પ્રભારી મંત્રી ઈશ્વરભાઈ પટેલ, ભાજપ એસ ટી મોરચાના પ્રમુખ ગણપતભાઈ વસાવા, ભરૂચના સાંસદ મનસુખભાઈ વસાવા તેમજ સ્થાનિક ધારાસભ્ય દર્શનાબેન દેશમુખ હાજર હતા. તેમ છતાં ભાજપના સંગઠન દ્વારા દર્શનાબેન દેશમુખ નુ નામ લેવામાં આવ્યુ ન હતું. તેમનુ સ્વાગત



કરવામાં આવ્યુ ન હતુ, અને તેમને પોતાના વિચારો રજુ કરવાની તક પણ આપવામાં આવી ન હતી,

ચૈતર વસાવાએ આ ઘટનાને એક આદિવાસી મહિલા ધારાસભ્યના જાહેર અપમાન સાથે સરખાવી હતી. તેમણે જણાવ્યુ હતુ કે ભાજપની સરકાર અને સંગઠનમાં આદિવાસી નેતાઓ, સાંસદો અને ધારાસભ્યોનુ યોગ્ય સન્માન થતુ નથી અને વારંવાર તેમની અવગણના કરવામાં આવે છે. તેમના કહેવા પ્રમાણે દર્શનાબેન દેશમુખે આ ઘટનાથી નારાજ થઈ રાજીનામુ આપવાની વાત પણ કરી હતી. વસાવાએ કહ્યુ હતુ કે જો કોઈ ચુંટાયેલા પ્રતિનિધિનુ પક્ષમાં સન્માન જળવાતુ ન હોય તો તે અંગે ગંભીર વિચાર કરવાની જરૂર છે. તેમણે ઉમેર્યુ હતુ કે આ માત્ર એક વ્યકિતનુ નહી પરંતુ સમગ્ર વિસ્તારની જનતા અને આદિવાસી સમાજના માન સન્માનનો પ્રશ્ન છે.

ચૈતર વસાવાએ ભરૂચના સાંસદ મનસુખભાઈ વસાવાનો ઉલ્લેખ કરતા જણાવ્યુ હતુ કે તેઓ છેલ્લા અનેક વરસોથી ચુંટાઈ રહ્યા છે. છતાં તેમની રજુઆતો ને પણ યોગ્ય મહત્વ આપવામાં આવતુ નથી. તેમણે દાવો કર્યો કે મનસુખ વસાવાએ નર્મદા જિલ્લામાં દારૂબંધીના અમલ અને ભાજપના કેટલાક નેતાઓ પર દારૂના વેપાર અંગે આક્ષેપો કરતા પત્રો લખ્યા હતા. પરંતુ હજુ સુધી કોઈ કાર્યવાહી થઈ નથી. વસાવાએ વધુમાં આક્ષેપ કર્યો હતો કે પક્ષના સંગઠનના કેટલાક હોદેદારો ચુંટાયેલા પ્રતિનિધિઓ કરતા વધુ પ્રભાવશાળી બની ગયા છે. તેમણે જણાવ્યુ હતુ કે દર્શનાબેન દેશમુખ સાથે થયેલી ઘટનાને લઈને આદિવાસી સમાજ અને સ્થાનિક લોકોમાં અસંતોષ છે. તેમણે વધુમાં કહ્યુ હતુ કે જો આ પ્રકારની અવગણના અને અપમાનની ઘટનાઓ ચાલુ રહેશે તો આવનારા સમયમાં જનતા તેનો જવાબ આપશે. ચૈતર વસાવાના આ નિવેદન બાદ રાજકીય વર્તુળોમાં ચર્ચા શરૂ થઈ છે જો કે આ મુદ્દે ભાજપ અથવા સંબંધિત નેતાઓ તરફથી કોઈ સત્તાવાર પ્રક્રિયા સામે આવી નથી.

# ખેડુતોના આંદોલનમાં કોંગ્રેસની એન્ટ્રી: આમ આદમી પાર્ટી એ ફાડયો છેડો

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં ખેડુતોની ટ્રેકટર રેલી અને વિવિધ માંગણીઓને લઈને ચાલી રહેલા આંદોલનને હવે રાજકીય વળાંક લીધો છે.

ખેડુતોના વીજપોલ અને જમીન સંપાદનના મુદ્દે હવે કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી વચ્ચે ખેંચતાણ જોવા મળી રહી છે.

ખેડુતોની રેલી સંપૂર્ણપણે કોંગ્રેસ પ્રેરીત હોવાનો આરોપ લગાવતા આમ આદમી પાર્ટીએ આ રેલીથી અંતર જાળવવાનો નિર્ણય લીધો હતો. આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ કહ્યુ હતુ કે આમ આદમી પાર્ટીના આગેવાનો આ રેલીમાં નહી જોડાય, ઈસુદાન ગઢવીએ આક્ષેપ કર્યો હતો કે રાહુલ ગાંધીના ઈશારે કોંગ્રેસ ખેડુતોના આંદોલનને હાઈજેક કરી રહી છે અને તેઓ માત્ર તૈયાર ભાણે બેસવા માંગે છે. તો બીજી તરફ આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાએ કોંગ્રેસ પર પ્રહાર કરતા કહ્યુ હતુ કે ટ્રાન્સમિશન લાઈન અને ખાનગી કંપનીઓના મુદ્દાઓ વિધાનસભામાં તેમણે ઉઠાવ્યા હતા. તેમણે વધુમાં કહ્યુ હતુ કે ખેડુતોની જમીનનુ ઘટતુ મુલ્ય અને તેમને મળતુ વળતર માત્ર પૈસા પુરતુ મર્યાદીત ન હોવુ જોઈએ, પરંતુ ખેડુતોના હિતમાં નવો કાયદો બનાવવાની જરૂર છે. ખેડુતોની માંગણીઓ છે કે (૧) વર્ષ ૨૦૧૩ ના જમીન સંપાદન કાયદા મુજબ ખેતરોમાંથી પસાર થતી વીજ લાઈન અને ટ્રાન્સમિશન ટાવર (થાંભલા) માટે ખેડુતોને બજાર ભાવ (માર્કેટ રેટ) કરતા ૪ ઘણુ વળતર ચુકવવામાં આવે (૨) જો સરકાર ૪ ઘણુ વળતર ન આપે તો કાં તો થાંભલા દીઠ રૂપીયા ૫૦ હજાર માસિક ભાડુ ચુકવવામાં આવે અથવા તો વન ટાઈમ સેટલમેન્ટ પેટે એક મોટા ટાવર ના રૂપીયા ૨ કરોડ આપવામાં આવે (૩) રાજયમાં અગાઉ થયેલી ડીઝીટલ જમીન માપણીમાં વ્યાપક ભુલો હોવાના આક્ષેપ સાથે, ખેડુતોના હિત ને નુકશાન ન થાય તે રીતે વિવાદાસ્પદ જમીન માપણી પ્રક્રિયાને સંપૂર્ણ રદ કરી નવેસરથી પારદર્શક સરકારી સર્વે કરવાની માંગ (૪) વધતા જતા ખેતી




ખર્ચ, પાક નુકશાની અને મોંઘવારીના કારણે દેવાના બોજ હેઠળ દબાયેલા ગુજરાતના તમામ ખેડુતોના ખેતી વિષયક દેવા સંપૂર્ણ માફ કરવામાં આવે (૫) ખેતીના પાકને બચાવવા માટે ખેડુતોને દિવસ દરમિયાન કોઈપણ કાપ વિના નિયમિત ૮ કલાક પુરતી વિજળી આપવામાં આવે તેમજ ખેતી વિષયક વિજળી મફત અથવા ખુબ જ સસ્તા દરે પુરી પાડવામાં આવે.

# ગુજરાત રાજયના ૫૦ જેટલા સરકારી અધિકારીઓ અને કર્મચારીઓ લાંચ લેતા રંગે હાથ ઝડપાયા

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં ભ્રષ્ટાચાર મુકત શાસનના દાવાઓ વચ્ચે એક વરવુ સત્ય બહાર આવ્યુ છે. વર્ષ ૨૦૨૬ ના માત્ર પ્રથમ ૬ મહિનામાં જ રાજયના ૫૦ જેટલા સરકારી અધિકારીઓ અને કર્મચારીઓ લાંચ લેતા રંગે હાથ ઝડપાઈ ચુકયા છે.

પોલીસ વિભાગથી લઈને પંચાયત અને મહેસુલ સુધીના વિભાગોમાં ફેલાયેલુ આ ભ્રષ્ટાચારનુ નેટવર્ક સામાન્ય જનતા માટે આશીર્વાદને બદલે શ્રાપ બની રહ્યુ છે. ગયા વરસે ૧૬૪ ભ્રષ્ટાચારીઓ પકડાયા હતા જેની સરખામણીએ આ વર્ષનો આંકડો સુચવે છે કે ભ્રષ્ટાચારની આ ગતિ અટકવાનુ નામ નથી લઈ રહી, ભ્રષ્ટાચારની પરાકાષ્ઠા તો ત્યારે જોવા મળી જયારે ગાંધીનગરના ઈલેકટ્રીકલ ઈન્સ્પેકટર ઓફીસના કલાસ-૧ અધિકારી એ બી ચૌધરી રૂપીયા ૫ લાખ ની લાંચ લેતા ઝડપાયા, તેમની તપાસ દરમિયાન ૨.૬૪ કરોડની જવેલરી અને મિલ્કતો મળી આવી, જે દર્શાવે છે કે સત્તાના જોરે કેવી કમાણી કરવામાં આવે છે.




# મહિલાઓને વધુ નુકસાન પહોંચાડતી લિવ-ઈન-રિલેશનશિપ:- અલ્હાબાદ હાઈકોર્ટની ટિપ્પણી

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

દેશને સર્વોચ્ચ અદાલત દ્વારા લિવ-ઈન-રિલેશનશિપને કાયદેસર બનાવ્યા પછી પુરુષ રિલેશનશિપ પછી સ્ત્રી અથવા ઘણી સ્ત્રીઓ સાથે લગ્ન કરી શકે છે. પરંતુ લિવ-ઈન-રિલેશનશિપમાં બ્રેકઅપ પછી મહિલા માટે જીવનસાથી શોધવો મુશ્કેલ છે. કારણ કે બ્રેકઅપની સ્થિતિમાં લિવ-ઈન-રિલેશનશિપ મહિલાઓને અપ્રમાણસર રીતે નુકસાન પહોંચાડે છે કારણ કે પુરુષો લગ્ન પછી સરળતાથી આગળ વધી શકે છે અને સ્થાયી થઈ શકે છે. જ્યારે સ્ત્રીઓ જીવનસાથી શોધવા માટે સંઘર્ષ કરી રહી છે. અલ્હાબાદ હાઈકોર્ટે ટિપ્પણી કરી કે આવી વ્યવસ્થા મધ્યમ વર્ગના ભારતીય સમાજના સ્થાયી ધોરણો વિરુધ્ધની છે.

જસ્ટિસ સિદ્ધાર્થની બનેલી સિંગલ જજની બેન્ચે કોર્ટમા પહોંચતા આવા કેસોની વધતી સંખ્યા પર નારાજગી વ્યક્ત કરી હતી.જસ્ટિસ સિધ્ધાર્થે નોંધ્યું કે," લિવ-ઈન-રિલેશનશિપ નો ખ્યાલ મહિલાઓના હિત ની વિરુધ્ધ છે કારણ કે પુરુષ લિવ-ઈન-રિલેશનશિપ પછી પણ સ્ત્રી અથવા ઘણી સ્ત્રીઓ સાથે લગ્ન કરી શકે છે પરંતુ બ્રેકઅપ પછી મહિલાઓ માટે જીવનસાથી શોધવો મુશ્કેલ છે."

કોર્ટે વધુમાં જણાવ્યું હતું કે, "આ કોર્ટને લાગે છે કે સર્વોચ્ચ અદાલત દ્વારા લિવ-ઈન-રિલેશનશિપને કાયદેસર બનાવ્યા પછી કોર્ટ આવા કેસોથી કંટાળી ગઈ હતી. આ કેસ કોર્ટમાં આવી રહ્યા છે કારણ કે લિવ-ઈન-રિલેશનશિપ નો ખ્યાલ ભારતીય મધ્યમ વર્ગીય સમાજમાં સ્થાયી કાયદાની વિરુદ્ધ છે. આ ટિપ્પણીઓ કોર્ટમાં શાન આલમ નામના આરોપીની જામીન અરજી સુનાવણી દરમ્યાન આવી હતી. જેના પર ભારતીય ન્યાય સંહિતા (BNS) અને જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ (POCSO) કાયદાની વિવિધ જોગવાઈઓ હેઠળ કેસ દાખલ કરવામાં આવ્યો હતો.

તેના પર લગ્નના ખોટા વચન આપી ફરિયાદી સાથે શારીરિક સંબંધ બાંધવાનો અને બાદમાં એ વચન તોડવાનો આરોપ હતો. અરજદાર જાહેર કર્તા વતી હાજર રહેલા એડવોકેટ મધુ યાદવે દલીલ કરી હતી કે આરોપીના કાર્યોએ તેનું આખું જીવન બરબાદ કરી દીધું છે. અને દાવો કર્યો હતો કે હવે કોઈ તેની સાથે લગ્ન કરવા તૈયાર નથી. દલીલની નોંધ લેતા, કોર્ટે અવલોકન કર્યું કે લિવ-ઈન-રિલેશનશિપનો વિચાર યુવા પેઢીને આકર્ષિત કરતો હતો. પરંતુ તેના પરિણામો તેના પહેલાંના કેસોમાં સ્પષ્ટ હતા.જોકે, ૨૫ ફેબ્રુઆરીથી આરોપીની સતત કેદ આરોપીની પ્રકૃતિ, અગાઉના કોઈ ગુનાહિત ઈતિહાસની ગેરહાજરી અને જેલમાં વધુ પડતી ભીડને ધ્યાનમાં રાખીને, બેંચે આ વર્ષે આરોપીને જામીન આપ્યા હતા. જામીન અરજદાર/આરોપી વતી એડવોકેટ સતીશચંદ્ર સિંહ હાજર રહ્યા હતા.

# ખેડુતોના આંદોલન વચ્ચે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું : મુખ્યમંત્રી દરેક લોકો માટે ઉદાર મનથી વિચારે છે

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ગુજરાતમાં ખેડુતોએ સરકાર સામે આંદોલન શરૂ કર્યુ છે. રાજયના ખુણેખુણે થી ટ્રેકટરો લઈને ખેડુતોએ ગાંધીનગર કુચ કરી હતી, પોલીસ પણ ખેડુતોના આંદોલનને લઈને સજજ થઈ ગઈ હતી. ગાંધીનગરમાં સેકટર ૩૦ સર્કલ વિસ્તારમાં પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો. પોલીસે ૩ શંકાસ્પદ ટ્રેકટર ચાલકોને અટકાવ્યા હોવાની વિગતો બહાર આવી છે. પોલીસ દરેક ટ્રેકટરની તપાસ કરી હતી, તો બીજી તરફ તપાસ દરમિયાન કેટલાક ખેડુતોમાં આક્રોશ જોવા મળ્યો હતો.



ગુજરાતમાં ખેડુતો ટ્રેકટર રેલી યોજી ને ગાંધીનગર કુચ કરી રહ્યા છે. ત્યારે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ મહાત્મા મંદિર ખાતેના એક કાર્યક્રમમાં જાહેરમંચ પરથી કહ્યુ હતુ કે મુખ્યમંત્રી હંમેશા લોકો માટે ઉદાર મન થી વિચારે છે. એમ ખેડુતો માટે પણ ઉદાર મનથી તેઓ વિચારે છે. તેઓ બોલ્યા વિના જ ભુતકાળના કે આજના પ્રશ્નોનો નિકાલ લાવે છે. તો બીજી તરફ ટ્રેકટર રેલીમાં કોંગ્રેસ સામે ખેડુતોએ નારાજગી વ્યકત કરી છે. ખેડુતોના નામે રાજકીય રોટલા શેકવાનો કોંગ્રેસ પર આક્ષેપ કરવામાં આવ્યો હતો. હવે આગામી દિવસોમાં ખેડુતો નવી રણનીતી ઘડશે. ખેડુતોએ પોતાની સભા યોજવાનો નિર્ણય લીધો હતો.

# કંપનીઓ ખેડુતોના ખેતરોમાં બળજબરી થી બીજ ના ગોળા નાંખી રહી છે: ખેડુતો માટે જીવ આપી દઈશું: સાંસદ ગેનીબેન ઠાકોર

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ગુજરાત કિસાન સંઘર્ષ સમિતિના નેજા હેઠળ રાજયભરના અમદાવાદમાં એકઠા થઈ ગાંધીનગર સુધી ટ્રેકટર રેલીનુ આયોજન કર્યુ હતું. ખેડુતો પોતાના પડતર પ્રશ્નોના હલ માટે ૧ હજાર થી વધુ વાહનોના કાફલા સાથે ગાંધીનગર જવા રવાના થયા હતા. જેના કારણે રીંગ રોડ પર ભારે ટ્રાફીકજામની સ્થિતિ સર્જાઈ હતી.



આજે સોમવારે સવારે અમદાવાદની શાંતિપુરા-સરખેજ ચોકડી ખાતે અંદાજે ૩ હજાર થી ૪ હજાર જેટલા ખેડુતો ટ્રેકટરો અને અન્ય વાહનો સાથે પોતાના હક્ક ની લડાઈ માટે ઉમટી પડયા હતા. રેલીમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડા સહિતના કોંગી નેતાઓ તેમજ બનાસકાંઠા કોંગ્રેસ સાંસદ ગેનીબેન ઠાકોર અને અનેક ધારાસભ્યો જોડાયા હતા અને ખેડુતોનુ સમર્થન કર્યુ હતું. બનાસકાંઠાના સાંસદ ગેનીબેન ઠાકોરે કહ્યુ હતુ કે આજે દેશના ખેડુતો તેમના હક્કો માટે લડી રહ્યા છે. ખાનગી કંપનીઓ ખેડુતોના ખેતરોમાં બળજબરી થી બીજ ના ગોળા નાંખી રહી છે. તેમને મળતુ વળતર મળી રહ્યુ નથી, કોંગ્રેસ પાર્ટી અને ખેડુતો સરકાર સાથે વાત કરવા માંગે છે. અમે ખેડુતો માટે જીવ આપી દઈશુ, ટ્રેકટર માર્ચ રેલી ગાંધીનગર તરફ આગળ વધી હતી. આ રેલીમાં સેવા દળના અધ્યક્ષ લાલજીભાઈ દેસાઈ, પાલભાઈ આંબલીયા, જયેશ પટેલ, મહેશ રાજકોટીયા, પ્રદેશ કોંગ્રેસ કાર્યકારી પ્રમુખ જિગ્નેશ મેવાણી સહિતના નેતાઓએ રેલીનુ સંકલન કર્યુ હતું.

# બફાટ બાદ બેકફુટ પર મંત્રી: શિક્ષકોની ભુખ ભાગતી નથી તેવુ કહેનારા રમેશ કટારાએ વિવાદ વકરતા હાથ જોડયા

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ગોધરામાં યોજાયેલા સત્તાવાર સરકારી કાર્યક્રમ વિકસિત ભારત સંકલ્પ સંમેલન ના મંચ પરથી શિક્ષકોની માનસિકતા અને કાર્યશૈલી પર ગંભીર સવાલો ઉઠાવનારા રાજયના કૃષિ મંત્રી રમેશ કટારા આખરે વિવાદ વધતા બેકફુટ પર આવ્યા હતા.



મંત્રીએ જાહેરમાં પોતાના નિવેદન અંગે ખેદ વ્યકત કરતા જણાવ્યુ હતુ કે મારાથી કાર્યક્રમમાં જે બોલાઈ ગયુ એ બદલ હું માફી માંગુ છું અને મારા શબ્દો પાછા લઉ છું, સરકારી મંત્રી દ્વારા જાહેરમાં માફી માંગવામાં આવતા પાછલા બે દિવસથી શિક્ષણ જગત અને રાજકારણમાં ચાલી રહેલા ભારે ધમસાણ પર આખરે પૂર્ણવિરામ મુકાયુ હોય તેવુ લાગી રહ્યુ છે. ઉલ્લેખનીય છે કે સ્વામીનારાયણ મંદિરમાં આયોજીત આ કાર્યક્રમમાં મંત્રી રમેશભાઈ કટારાએ શિક્ષકોને આડે હાથ લેતા વિવાદાસ્પદ નિવેદન આપ્યુ હતું. તેમણે આક્ષેપ કર્યો હતો કે ૮ માં અને ૧૦ માં નાણાંપંચ સુધીના તમામ આર્થિક લાભો અને ઉચ્ચ પગાર મેળવ્યા પછી પણ શિક્ષકોની ભુખ ભાગતી નથી અને તેઓ સરકાર સામે અવાર નવાર વિરોધ પ્રદર્શન કરે છે. એટલુ જ નહી તેમણે શિક્ષકોની વ્યાવસાયીક નિષ્ઠા પર પ્રહાર કરતા એવુ પણ કહ્યુ હતુ કે આજનો શિક્ષક વર્ગ ખંડમાં બાળકોને ગુણવત્તા યુકત શિક્ષણ આપવાના બદલે પોતાના મોબાઈલ ફોન માં જ રચ્યો પચ્યો રહે છે. સરકારના જ એક જવાબદાર મંત્રી દ્વારા શૈક્ષણિક આલમની સરેઆમ ટીકા કરાતા સમગ્ર રાજયના શિક્ષક સંગઠનોમાં ભારે આક્રોશ ફાટી નિકળ્યો હતો અને સોશીયલ મીડીયા પર પણ આ નિવેદન ભારે ચર્ચાનો વિષય બન્યો હતો. ચારેય તરફથી ઘેરાયા બાદ અને પક્ષના મોવડી મંડળ તરફથી મળેલી કડક સુચનાઓ બાદ મંત્રીએ પોતાની ભુલ સ્વીકારીને માફી માંગી લીધી હતી અને શિક્ષકો પ્રત્યે આદર વ્યકત કરતા પોતાના વિવાદીત શબ્દો વિધીવત રીતે પાછા ખેંચી લીધા હતા.